# IDEA ભાગ B
# ખાસ શિક્ષણ (ઉંમર 3-21) માં માતાપિતાના અધિકારો

## પ્રક્રિયાત્મક સલામતીની સૂચના

### સુધારો કર્યાની તારીખ: ઑગસ્ટ 2018

અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષણને લગતા ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલિટિસ એજ્યુકેશન એક્ટ (Individuals with Disabilities Education Act (IDEA)), ફેડરલ કાયદા માટે, શાળાએ IDEA અને ફેડરલ નિયમો હેઠળ ઉપલબ્ધ પ્રક્રિયાત્મક સલામતીની સંપૂર્ણ સ્પષ્ટતા સાથેની એક સૂચના અસમર્થતા ધરાવતા બાળકના માતાપિતાને પૂરી પાડવી જરૂરી છે. આ સૂચનાની નકલ માતાપિતાને શાળાના એક વર્ષ દરમિયાન ફક્ત એક જ વાર આપવી જરૂરી છે, એ સિવાય તેની નકલ માતાપિતાને નીચેની સ્થિતિમાં આપવી: (1) શરુઆતી રેફરલ અથવા મૂલ્યાંકન માટેની માતાપિતાની વિનંતી પર; (2) 300.153 દ્વારા 34 CFR §§300.151 હેઠળ સ્ટેટની પહેલી ફરિયાદ પ્રાપ્ત થયે અને શાળાના વર્ષમાં §300.507 હેઠળ જરૂરી પ્રક્રિયાની પહેલી ફરિયાદ પ્રાપ્ત થયે; (3) નિયુક્તિમાં બદલાવનું નિર્માણ કરે તેવું શિસ્તતાનું પગલું લેવાનો નિર્ણય કરવામાં આવે ત્યારે અને (4) માતાપિતની વિનંતી પર.

Nebraska Department of Education
Office of Special Education
301 Centennial Mall South
PO Box 94987
Lincoln, NE 68509-4987

આ માર્ગદર્શક દસ્તાવેજનું મૂળ સ્વરૂપ સલાહ આપનારું છે, પરંતુ એજન્સી દ્વારા સુધારો કરવામાં ના આવે ત્યાં સુધી તે એજન્સી માટે બંધનકર્તા છે. માર્ગદર્શક દસ્તાવેજમાં એજન્સીના ફક્ત આંતરિક સંચાલનોને પ્રભાવિત કરે તેવા આંતરિક પ્રક્રિયા સંબંધી દસ્તાવેજો સમાવિષ્ટ કરવામાં આવતા નથી અને તેમાં નિયંત્રિત પક્ષો પર વધારાની જરૂરિયાતો અથવા દંડ લાદવામાં આવતો નથી અથવા તો ગોપનીય માહિતી અથવા એડમિનિસ્ટ્રેટિવ પ્રોસિજર એક્ટ અનુસાર બનાવેલા નિયમો અને નિયમનો સમાવેશ થતો નથી. જો તમે માનતા હો કે આ માર્ગદર્શક દસ્તાવેજ નિયંત્રિત પક્ષો પર વધારાની જરૂરિયાતો અથવા દંડ લાદે છે તો, તમે આ દસ્તાવેજની સમીક્ષા કરવાની વિનંતી કરી શકો છો. આ દસ્તાવેજ સંબંધી ટિપ્પણીઓ માટે nde.guidance@nebraska.gov પર સંપર્ક કરો

તેમના શૈક્ષણિક કાર્યક્રમો, વહીવટ, નીતિઓ, રોજગાર અથવા એજન્સીના અન્ય કાર્યક્રમોમાં લિંગ, વિકલાંગતા, વંશ, રંગ, ધર્મ, વૈવાહિક સ્થિતિ, ઉંમર, રાષ્ટ્રીય મૂળ અથવા આનુવંશિક માહિતીના આધારે ભેદભાવ ના કરવો એ નેબ્રાસ્કા શિક્ષણ વિભાગની (Nebraska Department of Education) ની નીતિ છે.

# અનુક્રમણિકા


**સામાન્ય માહિતી ........ 1**
- પૂર્વ લેખિત સૂચના ........ 1
- માતૃભાષા ........ 2
- ઇલેક્ટ્રોનિક મેઇલ ........ 2
- માતાપિતાની સંમતિ – વ્યાખ્યા ........ 2
- માતાપિતાની સંમતિ ........ 2
- ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન ........ 5

**માહિતીની ગોપનીયતા ........ 7**
- વ્યાખ્યાઓ ........ 7
- વ્યક્તિગતપણે ઓળખી શકાય તેવી માહિતી ........ 7
- માતાપિતાની સૂચના ........ 7
- ઍક્સેસના અધિકારો ........ 8
- ઍક્સેસની નોંધ ........ 8
- એક કરતા વધારે બાળક સંબંધી રેકોર્ડ ........ 8
- માહિતીના પ્રકારો અને સ્થળોની યાદી ........ 8
- ફી ........ 9
- માતાપિતાની વિનંતી પર રેકોર્ડમાં સુધારો ........ 9
- સુનાવણી માટેની તક ........ 9
- સુનાવણીની પ્રક્રિયાઓ ........ 9
- સુનાવણીનું પરિણામ ........ 9
- વ્યક્તિગતપણે ઓળખી શકાય તેવી માહિતી જાહેર કરવા માટેની સંમતિ ........ 10
- સલામતી ........ 10
- માહિતીનો નાશ કરવો ........ 10

**સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓ ........ 11**
- જરૂરી પ્રક્રિયાની સુનાવણી સંબંધી ફરિયાદ અને સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓ વચ્ચેનો તફાવત ........ 11
- સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓનો સ્વીકાર ........ 11
- સ્ટેટની ફરિયાદ સંબંધી ન્યૂનત્તમ પ્રક્રિયાઓ ........ 12
- ફરિયાદ નોંધાવવી ........ 13

**જરૂરી પ્રક્રિયાની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓ ........ 14**
- જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવી ........ 14
- જરૂરી પ્રક્રિયાની ફરિયાદ ........ 14
- મોડલ ફોર્મ ........ 16
- મધ્યસ્થતા ........ 16
- જરૂરી પ્રક્રિયાની ફરિયાદ અને સુનાવણી બાકી હોય તે દરમિયાન બાળકનું પ્લેસમેન્ટ ........ 17
- ઠરાવની પ્રક્રિયા ........ 18

**બાકી પ્રક્રિયાની ફરિયાદો પરની સુનાવણીઓ ..... 19**
બાકી પ્રક્રિયાની નિષ્પક્ષ સુનાવણી ..... 19
સુનાવણીના અધિકારો ..... 20
સુનાવણીના નિર્ણયો ..... 21
**અપીલ ..... 23**
ચુકાદો; અપીલ; નિષ્પક્ષ સમીક્ષા ..... 23
સુનાવણીઓ અને સમીક્ષાઓની સમયરેખા અને અનુકૂળતા ..... 23
કાર્યવાહીઓ નોંધાવવાના સમયગાળો સહિત દીવાની કાર્યવાહીઓ ..... 23
વકીલોની ફી ..... 24
**વિકલાંગ બાળકોને શિસ્તબદ્ધ બનાવવાની પ્રક્રિયાઓ ..... 26**
શાળાના કર્મચારીની સત્તા ..... 26
શિસ્તભંગને લીધે બરતરફ કરવાને કારણે નિયુક્તિનો બદલાવ ..... 28
સેટિંગનો નિર્ધાર ..... 29
અપીલ ..... 29
અપીલ દરમિયાનની નિયુક્તિ ..... 30
ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે હજી યોગ્યતા ના ધરાવતા બાળકો માટેની સુરક્ષા ..... 30
કાયદાના અમલીકરણ અને ન્યાયિક સત્તાઓ દ્વારા કરવામાં આવતા રેફરલ અને કાર્યવાહી ..... 31
**માતાપિતા દ્વારા સરકારી ખર્ચે ખાનગી શાળાઓમાં બાળકોની એકતરફી નિયુક્તિ કરવા માટેની જરૂરીયાતો ..... 32**
સામાન્ય ..... 32

## સામાન્ય માહિતી

### પૂર્વ લેખિત સૂચના

**સૂચના**

તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જ્યારે નીચેની બાબત કરે ત્યારે તેણે તમને એક લેખિત સૂચના આપવી (તમને કેટલીક માહિતી લેખિતમાં પૂરી પાડવી) જરૂરી છે:

1. તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન અથવા શૈક્ષણિક નિયુક્તિ અથવા તમારા બાળક માટે ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (free appropriate public education (FAPE)) ની જોગવાઈની શરુઆત અથવા બદલાવ કરવાનો પ્રસ્તાવ આપે **અથવા**
2. તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન અથવા શૈક્ષણિક નિયુક્તિ અથવા તમારા બાળક માટે FAPE ની જોગવાઈની શરુઆત અથવા બદલાવ કરવાનું નકારે.

**સૂચનાની માહિતી**

આ લેખિત સૂચનામાં:

1. તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જે કાર્યવાહી કરવાના પ્રસ્તાવો આપતા અથવા નકારતા હોય તેનું વર્ણન કરવું;
2. શા માટે તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ કાર્યવાહી કરવાનો પ્રસ્તાવ આપી અથવા નકારી રહ્યું છે તે સમજાવવું;
3. કાર્યવાહી કરવા અથવા નકારવાનો નિર્ણય કરવામાં તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા ઉપયોગ કરવામાં આવેલ દરેક મૂલ્યાંકનની પ્રક્રિયા, આકારણી, નોંધ અથવા રિપૉર્ટનું વર્ણન કરવું;
4. તમારી પાસે IDEA ના ભાગ B માંની પ્રક્રિયાત્મક સલામતીની જોગવાઇઓ હેઠળ સુરક્ષાઓ હોવા સંબંધી એક નિવેદન સમાવિષ્ટ કરવું;
5. જો તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ પ્રસ્તાવ આપવા અથવા નકારવામાં આવતી કાર્યવાહી મૂલ્યાંકન માટેનું એક શરુઆતી રેફરલ ના હોય તો, પ્રક્રિયાત્મક સલામતીનું વર્ણન કેવી રીતે પ્રાપ્ત કરવું એ તમને જણાવવું;
6. IDEA ના ભાગ B ને સમજવામાં મદદ મેળવવા તમારા માટે સંપર્કના સ્ત્રોતો સમાવિષ્ટ કરવા;
7. તમારા બાળકની ઇન્ડિવિડ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામની (individualized education program (IEP)) ટીમે ધ્યાનમાં લીધી હોય તેવી અન્ય કોઇ પસંદગીઓનું અને તે પસંદગીઓને શા માટે નકારવામાં આવી તેનું વર્ણન કરવું **ને**
8. તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા શા માટે કાર્યવાહીનો પ્રસ્તાવ આપવામાં અથવા નકારવામાં આવ્યો તેના અન્ય કારણોનું વર્ણન કરવું.

**સમજી શકાય તેવી ભાષામાં સૂચના**

આ સૂચના:

1. સામાન્ય લોકોને સમજાય તેવી ભાષામાં લખેલી હોવી જોઇએ; **અને**
2. જ્યાં સુધી તેમ કરવું સ્પષ્ટ રીતે સંભવિત ના હોય ત્યાં સુધી, તમારી માતૃભાષામાં અથવા તમે ઉપયોગ કરતા હોય તેવી સંદેશા-વ્યવહારની અન્ય રીત પૂરી પાડવામાં આવવી જોઇએ.

તમારી માતૃભાષા અથવા સંદેશા-વ્યવહારની અન્ય રીત લેખિત ભાષા ના હોય તો, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા નીચેની બાબતો સુનિશ્ચિત કરવામાં આવવી જોઇએ:

1. આ સૂચનાનું તમારી માતૃભાષામાં અથવા સંદેશા-વ્યવહારની અન્ય રીત તમારા માટે મૌખિક અથવા અન્ય રીતે ભાષાંતર કરેલ હોય;
2. તમે આ સૂચનાની માહિતીને સમજતા હો **અને**
3. એવો લેખિત પુરાવો હોય કે 1 અને 2ને સંતોષવામાં આવ્યા છે.

## માતૃભાષા

જ્યારે અંગ્રેજીમાં મર્યાદિત નિપુણતા ધરાવતા એક વ્યક્તિ સાથે ઉપયોગ કરવામા આવે ત્યારે, *માતૃભાષાનો* અર્થ નીચે મુજબ થાય છે:

1. તે વ્યક્તિ દ્વારા સામાન્યતઃ એ ભાષાનો ઉપયોગ કરવામાં આવતો હોય અથવા જો તે એક બાળક હોય તો, તે બાળકના માતાપિતા દ્વારા સામાન્યતઃ એ ભાષાનો ઉપયોગ કરવામાં આવતો હોય;
2. બાળક સાથેના બધા સીધા સંપર્કમાં (બાળકના મૂલ્યાંકન સહિત), બાળક દ્વારા ઘર અથવા શિક્ષણના વાતાવરણમાં સામાન્યતઃ તે ભાષાનો ઉપયોગ કરવામાં આવતો હોય.

બહેરાપણું અથવા અંધત્વ ધરાવતા વ્યક્તિ માટે અથવા લેખિત ભાષા ન હોય તેવી વ્યક્તિ માટે, સંદેશા-વ્યવહારની રીત સામાન્યતઃ તે વ્યક્તિ દ્વારા ઉપયોગ કરવામાં આવતી રીત (જેમ કે સાંકેતિક ભાષા, બ્રેઇલ અથવા મૌખિક સંદેશા-વ્યવહાર) હોય છે.

## ઇલેક્ટ્રોનિક મેઇલ

જો તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ માતાપિતાને ઇ-મેઇલ દ્વારા દસ્તાવેજો પ્રાપ્ત કરવાની પસંદગી આપતી હોય તો, તમે નીચેની બાબતોને ઇ-મેઇલ દ્વારા પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકો છો:

1. પૂર્વ લેખિત સૂચના;
2. પ્રક્રિયાત્મક સલામતીની સૂચના **અને**
3. જરૂરી પ્રક્રિયાની ફરિયાદ સંબંધી સૂચનાઓ.

## માતાપિતાની સંમતિ - વ્યાખ્યા

### સંમતિ

*સંમતિ*નો અર્થ છે કે:

1. તમે સંમતિ આપી રહ્યો હો તે કાર્યવાહી વિષેની બધી માહિતીની પૂરી જાણકારી તમને તમારી માતૃભાષામાં અથવા સંદેશા-વ્યવહારની અન્ય રીત (જેમ કે સાંકેતિક ભાષા, બ્રેઇલ અથવા મૌખિક સંદેશા-વ્યવહાર)માં આપવામાં આવેલ છે.
2. તે કાર્યવાહી સાથે અને તે કાર્યવાહીમાં વર્ણવેલી સંમતિ અને જારી કરવામાં આવે અને કોને કરવામાં આવે તેવી નોંધ (જો કોઇ હોય તો)ની યાદીઓને તમે સમજો છો અને લેખિતમાં સહમત થાવ છો **અને**
3. તમે સમજો છો કે તમારા માટે સંમતિ સ્વૈચ્છિક છે અને તમે તમારી સંમતિને કોઇપણ સમયે પાછી ખેંચી શકો છો.

તમારા દ્વારા સંમતિ પાછી ખેંચવાથી તમે સંમતિ આપ્યા પછી અને સંમતિ પાછી ખેંચ્યા પહેલા થયેલી કાર્યવાહી રદ થતી નથી.

## માતાપિતાની સંમતિ

### શરુઆતી મૂલ્યાંકન માટેની સંમતિ

ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પ્રાપ્ત કરવા IDEAના ભાગ B હેઠળ તમારૂં બાળક યોગ્યતા ધરાવે છે કે કેમ તે નક્કી કરવા માટે તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તમને પહેલા પ્રસ્તાવિત કાર્યવાહીની પૂર્વ લેખિત સૂચના પૂરી પાડ્યા વિના અને *માતાપિતાની સંમતિ*ના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર તમારી સંમતિ પ્રાપ્ત કર્યા વિના તમારા બાળકનું શરુઆતી મૂલ્યાંકન હાથ ધરી શકે નહીં.

તમારૂં બાળક વિકલાંગ બાળક છે કે કેમ તે નક્કી કરવાના શરુઆતી મૂલ્યાંકન માટે તમારી સૂચિત સંમતિ પ્રાપ્ત કરવા તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા યોગ્ય પ્રયત્નો કરવામાં આવવા જોઇએ.

શરુઆતી મૂલ્યાંકન માટેની તમારી સમંતિનો અર્થ એમ નથી કે તમે સ્કૂલ ડિસ્ટ્રિક્ટને તમારા બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ શરૂ કરવા માટેની પણ સંમતિ આપી છે.

જો તમારા બાળકે પબ્લિક સ્કૂલ માં પ્રવેશ મેળવ્યો હોય અથવા તમે તમારા બાળકને એક પબ્લિક સ્કૂલ માં પ્રવેશ અપાવવા માંગતા હો અને તમે સંમતિ પૂરી પાડવાનું નકાર્યું હોય અથવા શરુઆતી મૂલ્યાંકન માટેની સંમતિ પૂરી પાડવાની વિનંતી પર પ્રતિક્રિયા આપવામાં નિષ્ફળ રહ્યાં હો તો, જરૂરી નથી પંરતુ તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અધિનિયમની મધ્યસ્થતા અથવા જરૂરી પ્રક્રિયાની ફરિયાદ, ઠરાવ બેઠક અને નિષ્પક્ષ જરૂરી પ્રક્રિયાની સુનાવણી સંબંધી પ્રક્રિયાઓના ઉપયોગ દ્વારા તમારા બાળકના શરુઆતી મૂલ્યાંકનને હાથ ધરી શકે છે (જો તેમ કરવું જરૂરી હોય અથવા સ્ટેટના કાયદા હેઠળ તેમ કરવું પ્રતિબંધિત હોય તો). જ્યાં સુધી સ્ટેટના કાયદા દ્વારા તેમણે મૂલ્યાંકન ચાલુ રાખવું જરૂરી હોય ત્યાં સુધી, આ સંજોગોમાં તે તમારા બાળકનું મૂલ્યાંકન ચાલુ ના રાખે તો, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તમારા બાળકને શોધવા, ઓળખવા અને મૂલ્યાંકન માટેની તેમની જવાબદારીઓનું ઉલ્લંઘન કરશે નહીં.

**સ્ટેટ વૉર્ડ (વાલી કે કોર્ટની સંભાળ હેઠળના બાળકો)ના શરુઆતી મૂલ્યાંકન માટેના ખાસ નિયમો**

જો કોઇ બાળક સ્ટેટનું વૉર્ડ હોય અને તે તેના/તેણીના માતાપિતા સાથે ન રહેતું હોય તો —

તે બાળક વિકલાંગ બાળક છે કે કેમ તે નક્કી કરવાના શરુઆતી મૂલ્યાંકન માટે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા માતાપિતાની સંમતિ લેવી જરૂરી નથી, જો:

1. તેમ કરવા માટે વાજબી પ્રયત્નો કરવા છતાં, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બાળકના માતાપિતાને શોધી શકી ન હોય;
2. સ્ટેટના કાયદા અનુસાર માતાપિતાના અધિકારોને સમાપ્ત કરી દેવામાં આવેલ હોય; **અથવા**
3. એક ન્યાયધીશ દ્વારા શૈક્ષણિક નિર્ણયો કરવાનો અને શરુઆતી મૂલ્યાંકન માટે સંમતિ આપવાનો અધિકાર માતાપિતા સિવાયના અન્ય કોઇ વ્યક્તિને આપ્યો હોય.

IDEA માં ઉપયોગ કર્યા અનુસાર, *સ્ટેટના વૉર્ડ*નો અર્થ છે કે એક એવું બાળક, જે જ્યાં રહેતું હોય તે સ્ટેટ દ્વારા નક્કી કરવામાં આવ્યા અનુસાર, નીચે મુજબ હોય છે:

1. એક પાલક બાળક;
2. સ્ટેટના કાયદા હેઠળ વૉર્ડ માનવામાં આવ્યું હોય **અથવા**
3. જાહેર બાલ કલ્યાણ એજન્સીની સંભાળ હેઠળ હોય.

*સ્ટેટના વૉર્ડ*માં એવું પાલક બાળક સમાવિષ્ટ નથી જેના પાલક માતાપિતા હોય.

**સેવાઓ માટે માતાપિતાની સમંતિ**

તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળકને પહેલીવાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતા પહેલાં તમારી સૂચિત સંમતિ પ્રાપ્ત કરવામાં આવવી જોઇએ.

તમારા બાળકને પહેલીવાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતા પહેલાં તમારી સૂચિત સંમતિ પ્રાપ્ત કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા વાજબી પ્રયત્નો કરવામાં આવવા જોઇએ.

જો તમે તમારા બાળકને પહેલીવાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા માટેની સંમતિ સંબંધી વિનંતી પર પ્રતિક્રિયા ન આપો અથવા તમે આવી સંમતિ આપવાનું નકારો તો, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સહમતી અથવા તમારી સંમતિ વિના તમારા બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ (તમારા બાળકની IEP ટીમ દ્વારા ભલામણ કરેલી સેવાઓ) પૂરી પાડી શકવાનો ચુકાદો પ્રાપ્ત કરવા માટે પ્રક્રિયાત્મક સલામતી (દા.ત. મધ્યસ્થતા, જરૂરી પ્રક્રિયાની ફરિયાદ, ઠરાવ બેઠક અથવા જરૂરી પ્રક્રિયાની એક નિષ્પક્ષ સુનાવણી)નો ઉપયોગ ન કરી શકે.

જો તમે તમારા બાળકને પહેલીવાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પ્રાપ્ત કરવા માટેની તમારી સંમતિ આપવાનું નકારો અથવા તમે આવી સંમતિ પૂરી પાડવાની વિનંતી પર પ્રતિક્રિયા ન આપો અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તમારા બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી ન પાડે, જેના માટે સંમતિ માંગી હોય તો, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ:

1. તમારા બાળકને તે સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જવા સામે તમારા બાળક માટે ઉપલબ્ધ ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) ની જરૂરીયાતનું ઉલ્લંઘન કરતી નથી **અને**
2. એ જેના માટે તમારી સંમતિની વિનંતી કરવામાં આવી હતી તેવા તમારા બાળકના ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે ઇન્ડિવિડ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) ની બેઠક કરવાની અથવા IEP વિકસિત કરવી જરૂરી નથી.

**પુનઃમૂલ્યાંકનો માટેની માતાપિતાની સંમતિ**

જ્યાં સુધી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નીચે મુજબ સિદ્ધ ના કરે ત્યાં સુધી, તમારા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળકના પુનઃમૂલ્યાંકનો કરતા પહેલા તમારી સૂચિત સંમતિ પ્રાપ્ત કરવામાં આવવી જોઇએ:

1. તમારા બાળકના પુનઃમૂલ્યાકન માટે તમારી સંમતિ પ્રાપ્ત કરવા માટે તેમણે વાજબી પગલાં લીધા હોય **અને**
2. તમે પ્રતિક્રિયા આપી ન હોય.

જો તમે તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટે સંમતિ આપવાનું નકાર્યું હોય તો, જરૂરી નથી પંરતુ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થતા, જરૂરી પ્રક્રિયાની ફરિયાદ, ઠરાવ બેઠક અને નિષ્પક્ષ જરૂરી પ્રક્રિયાની સુનાવણી સંબંધી પ્રક્રિયાઓના ઉપયોગ દ્વારા તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટેની સંમતિને તમારા નકારવાને રદ કરીને તમારા બાળકના પુનઃમૂલ્યાંકનને ચાલુ રાખી શકે છે. શરુઆતી મૂલ્યાંકનોની જેમ, જો આ રીતે તે પુનઃમૂલ્યાંકન ચાલુ રાખવાનું નકારે તો, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ IDEA ના ભાગ B હેઠળ તેમની જવાબદારીઓનું ઉલ્લંઘન કરતી નથી.

**માતાપિતાની સંમતિ પ્રાપ્ત કરવા માટેના વાજબી પ્રયત્નોનું દસ્તાવેજીકરણ**

શરુઆતી મૂલ્યાંકનો, પહેલીવાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા, પુનઃમૂલ્યાંકન માટે માતાપિતાની સંમતિ પ્રાપ્ત કરવા અને શરુઆતી મૂલ્યાંકનો માટે સ્ટેટના વૉર્ડના માતાપિતાને શોધવા માટે કરેલા વાજબી પ્રયત્નોનું તમારી શાળા દ્વારા દસ્તાવેજીકરણ કરવામાં આવવું જોઇએ. આ દસ્તાવેજીકરણમાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટના આ ક્ષેત્રોના પ્રયત્નોની એક નોંધ સમાવિષ્ટ કરવામાં આવવી જોઇએ, જેમ કે:

1. ટેલિફોન પરની વાતચીત અથવા વાતચીતના પ્રયત્નોનો વિગતવાર રેકોર્ડ અને તે ફોનના પરિણામો;
2. માતાપિતાને મોકલાવેલા પત્રો અને જો કોઇ પ્રતિક્રિયા મળી હોય તો તેની નકલો **અને**
3. માતાપિતાના ઘરે અથવા તેમના કાર્યસ્થળ પર લીધેલી મુલાકાતો અને તે મુલાકાતોના પરિણામોની વિગતવાર નોંધ.

**સંમતિની અન્ય જરૂરીયાતો**

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નીચે મુજબ કરે તે પહેલા તમારી સંમતિની જરૂર નથી:

1. તમારા બાળકના મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકનના ભાગ રૂપે હયાત ડેટાની સમીક્ષા કરે **અથવા**
2. તમારા બાળકને બધા બાળકોને આપવામાં આવતી કસોટી અથવા અન્ય કોઇ મૂલ્યાંકન આપવામાં આવે, જો તે કસોટી અથવા મૂલ્યાંકન માટે બધા બાળકોના બધા માતાપિતાની સંમતિ જરૂરી ના હોય તો.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એક સેવા અથવા પ્રવૃત્તિ માટેની તમારી સંમતિના નકારનો ઉપયોગ તમારા અથવા તમારા બાળકની અન્ય સેવા, ફાયદા અથવા પ્રવૃત્તિ માટે કરી શકે નહીં.

જો તમે તમારા ખર્ચે તમારા બાળકને પ્રાઇવેટ સ્કૂલ માં પ્રવેશ અપાવ્યો હોય અથવા તમે તમારા બાળકનું હોમ સ્કૂલિંગ કરાવતા હો અને તમે તમારા બાળકના શરુઆતી મૂલ્યાંકન અથવા તમારા બાળકના પુનઃમૂલ્યાંકન માટેની તમારી સંમતિ પૂરી ન પાડો અથવા તમે સંમતિ પૂરી પાડવાની વિનંતી પર પ્રતિક્રિયા આપવામાં નિષ્ફળ રહ્યાં હો તો, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તેમની સંમતિ રદ કરવાની પ્રક્રિયાઓ (દા.ત. મધ્યસ્થતા, જરૂરી પ્રક્રિયાની ફરિયાદ, ઠરાવ બેઠક અથવા જરૂરી પ્રક્રિયાની એક નિષ્પક્ષ સુનાવણી) નો ઉપયોગ ના પણ કરે અને તેમને તમારું બાળક ખાસ શિક્ષણની સેવોઓ અથવા તેની સમકક્ષ સેવાઓ (અસમર્થતા ધરાવતા નોનરેસિડન્ટ પૅરેન્ટલી-પ્લેસ્ડ નિજી સ્કૂલ ના ના બાળકો માટે ઉપલબ્ધ કરેલી સેવાઓ) માટે યોગ્યતા ધરાવતું હોવાનું માનવું જરૂરી નથી.

## ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન

**સામાન્ય**

જો તમે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા કરવામાં આવેલા તમારા બાળકના મૂલ્યાંકન સાથે અસહમત હો તો, નીચે વર્ણવ્યા મુજબ તમને તમારા બાળક માટે ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન (independent educational evaluation (IEE)) પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

જો તમે ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન માટેની વિનંતી કરો તો, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને તમે ક્યાંથી ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પ્રાપ્ત કરી શકો તે વિષે અને ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પર લાગુ પડતા સ્કૂલ ડિસ્ટ્રિક્ટના માપદંડ વિષે માહિતી પૂરી પાડવામાં આવવી જોઇએ.

**વ્યાખ્યાઓ**

*ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન*નો અર્થ છે કે એક એવું મૂલ્યાંકન જેને એક એવા લાયક પરિક્ષક દ્વારા હાથ ધરવામાં આવે છે, જે તમારા બાળકના શિક્ષણ માટે જવાબદાર સ્કૂલ ડિસ્ટ્રિક્ટના કર્મચારી ના હોય.

*જાહેર ખર્ચ*નો અર્થ છે કે મૂલ્યાંકનનો પૂરો ખર્ચ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા ચુકવવામાં આવે છે અથવા તો સુનિશ્ચિત કરે છે કે તમને અન્ય કોઇ રીતે નિઃશુલ્ક દરે મૂલ્યાંકન પૂરું પાડવામાં આવે જે IDEA ના ભાગ Bની જોગવાઇઓ સાથે સુસંગત હોય, જે દરેક સ્ટેટને અધિનિયમના ભાગ Bની જરૂરીયાતોને સંતોષવા માટે સ્ટેટમાં ઉપલબ્ધ એવા સહાય માટેના ગમે તે સ્ટેટ, સ્થાનિક, ફેડરલ અને ખાનગી સંસાધનો ઉપયોગ કરવા દે છે.

**જાહેર ખર્ચે મૂલ્યાંકન કરાવવા માટેનો માતાપિતાનો અધિકાર**

જો તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળક માટે કરવામાં આવેલા મૂલ્યાંકન સાથે અસહમત હો તો, તમને જાહેર ખર્ચે તમારા બાળકનું એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન કરાવવાનો અધિકાર છે, જે નીચેની શરતોને આધિન હશે:

1. જો તમે તમારા બાળક માટે સરકારી ખર્ચે એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન કરાવવાની વિનંતી કરો તો, બિનજરૂરી વિલંબ કર્યા વિના તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા: (a) તમારા બાળક માટેનું તેમનું મૂલ્યાંકન યોગ્ય હોવાનું દર્શાવવા માટેની સુનાવણીની વિનંતી કરવા એક જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવામાં આવવી જોઇએ અથવા (b) સરકારી ખર્ચે એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પૂરું પાડવામાં આવવું જોઇએ, જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સુનાવણીમાં દર્શાવે કે તમે કરાવેલ તમારા બાળકનું મૂલ્યાંકન સ્કૂલ ડિસ્ટ્રિક્ટના માપદંડને સંતોષતું નથી તો.
2. જો તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એક સુનાવણીની વિનંતી કરે અને અંતિમ નિર્ણય એવો આવે કે તમારા બાળક માટેનું તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટનું મૂલ્યાંકન યોગ્ય છે, તેમ છતાં પણ તમને એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન કરાવવાનો અધિકાર છે, પરંતુ તે સરકારી ખર્ચે કરી શકાશે નહીં.
3. જો તમે તમારા બાળક માટે એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશનની વિનંતી કરો તો, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એવું પૂછી શકે છે કે શા માટે તમે તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળક માટે કરવામાં આવેલા મૂલ્યાંકનનો વિરોધ કરો છો. જોકે, તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટને સ્પષ્ટીકરણની જરૂર ના પણ પડી શકે અને તે જાહેર ખર્ચે તમારા બાળકનું ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પૂરું પાડવામાં અથવા તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રિક્ટના મૂલ્યાંકનના બચાવ માટે એક જરૂરી પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવા જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવામાં બિનજરૂરી વિલંબ ન પણ કરી શકે.

દરેક વખતે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તમારા બાળકનું મૂલ્યાંકન કરે જેની સાથે તમે અસહમત હો ત્યારે તમને ફક્ત એક જ વાર સરકારી ખર્ચે તમારા બાળકનું ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન કરાવવાનો અધિકાર છે.

**માતાપિતા દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનો**

જો તમે સરકારી ખર્ચે તમારા બાળક માટે એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પ્રાપ્ત કરો અથવા તમે તમારા બાળક માટે અંગત ખર્ચે પ્રાપ્ત કરેલ મૂલ્યાંકનને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સાથે શેર કરો તો:

1. જો તે ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન માટેના સ્કૂલ ડિસ્ટ્રિક્ટના માપદંડને સંતોષતું હોય તો, તમારા બાળક માટે ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) ની જોગવાઇ સંબંધી કરવામાં આવતા કોઇપણ નિર્ણયમાં તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળક માટેના તે મૂલ્યાંકનના પરિણામોને ધ્યાનમાં લેવામાં આવવા જોઇએ **અને**

2. તમારા બાળક સંબંધી જરૂરી પ્રક્રિયાની સુનાવણીમાં તમારા અથવા તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તે મૂલ્યાંકનને પુરાવા રૂપે રજૂ કરવામાં આવી શકે છે.

**સુનાવણીના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી મૂલ્યાંકનોની વિનંતીઓ**

જો જરૂરી પ્રક્રિયાની સુનાવણીના ભાગ રૂપે સુનાવણીના કોઇ અધિકારી દ્વારા તમારા બાળક માટે એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશનની વિનંતી કરવામાં આવે તો, તે મૂલ્યાંકનનો ખર્ચ સરકારી ખર્ચમાંથી આપવામાં આવવો જોઇએ.

**સ્કૂલ ડિસ્ટ્રિક્ટના માપદંડ**

જો ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન સરકારી ખર્ચે કરવામાં આવે તો, મૂલ્યાંકનના સ્થળ અને પરિક્ષકની લાયકાતો સહિત જે માપદંડ હેઠળ તે મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય તે માપદંડ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા કરવામાં આવતા મૂલ્યાંકનના માપદંડ જેવા જ હોવા જોઇએ (તે માપદંડ ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશનના તમારા અધિકાર સાથે સુસંગત હોય ત્યાં સુધી).

ઉપર વર્ણવેલ માપદંડ સિવાય, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જાહેર ખર્ચ પરનું એક ઇન્ડિપેન્ડન્ટ એજ્યુકેશનલ ઇવેલ્યુએશન પ્રાપ્ત કરવા સંબંધી શરતો અથવા સમયરેખાઓ લાદી શકે નહીં.

## માહિતીની ગોપનીયતા

### વ્યાખ્યાઓ

**માહિતીની ગોપનીયતા**ના મથાળા હેઠળ ઉપયોગ કર્યા અનુસાર:

- *નાશ કરવાનો* અર્થ છે કે માહિતીમાંથી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીનો ભૌતિક રીતે નાશ કરવો અથવા દૂર કરવી, જેથી તે માહિતી આગળ ઓળખી શકાય તેવી ના રહે.
- *શિક્ષણની નોંધનો* અર્થ છે કે 34 CFR ના ભાગ 99 (ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવેસી એક્ટ ઓફ 1974, 20 local (U.S.C.) 1232g (Family Educational Rights and Privacy Act (FERPA)) ને અમલમાં મૂકતા કાયદાઓ)માં "શૈક્ષણિક નોંધ" ની વ્યાખ્યા હેઠળ આવરવામાં આવેલ નોંધના પ્રકાર.
- *સહભાગી એજન્સીનો* અર્થ છે કે એવી કોઇપણ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, એજન્સી અથવા સંસ્થા જે IDEAના ભાગ B હેઠળ વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી એકત્રિત કરે, જાળવે અથવા ઉપયોગ કરે છે અથવા જેમની પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે.

### વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી

*વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીનો* અર્થ છે કે એવી માહિતી જેમાં:

(a) તમારા બાળકનું નામ, માતાપિતા તરીકે તમારૂં નામ અથવા કુટુંબના અન્ય સભ્યનું નામ હોય;

(b) તમારા બાળકનનું સરનામું હોય;

(c) વ્યક્તિગત ઓળખકર્તા હોય, જેમ કે તમારા બાળકનો સોશિયલ સિક્યુરિટી નંબર અથવા વિદ્યાર્થી નંબર **અથવા**

(d) પૂરી ખાતરી સાથે તમારા બાળકને ઓળખવાનું સંભવ બનાવે તેવી વ્યક્તિગત લાક્ષણિકતાઓની એક યાદી અથવા અન્ય માહિતી.

### માતા-પિતાને સૂચના

સ્ટેટ એજ્યુકેશનલ એજન્સીએ એવી સૂચના પૂરી પાડવી જોઇએ જેમાં વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીની ગોપનીયતા વિષે માતાપિતાને યોગ્ય રીતે સંપૂર્ણ માહિતી પૂરી પાડે, જેમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે:

1. સ્ટેટના વિવધ પ્રકારના રહેવાસી સમુદાયોની માતૃભાષાઓમાં સૂચના આપવા સુધીનું વર્ણન;
2. જેમની ઓળખી શકાય તેવી વ્યક્તિગત માહિતીને જાળવવામાં આવી હોય તેવા બાળકોનું વર્ણન, માંગવામાં આવેલી માહિતીના પ્રકારો, માહિતી એકત્રિત કરવામાં માટે સ્ટેટ ઉપયોગ કરવા માગતું હોય તે પદ્ધતિઓ (માહિતી એકત્રિત કરી હોય તે સ્રોતો સહિત) અને આ માહિતીના કરવામાં આવનારા ઉપયોગ;
3. સહભાગી એજન્સીઓ દ્વારા વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીના સંગ્રહ, ત્રીજા પક્ષો સામે જાહેર કરવા, રાખવા અને નાશ કરવા સંબંધી નીતિઓ અને પ્રક્રિયાઓને અનુસરવામાં આવવી જોઇએ તેનો સારાંશ **અને**
4. આ માહિતી સંબંધી માતાપિતા અને બાળકોના બધા અધિકારોનું વર્ણન, જેમાં 34 CFR ના ભાગ 99માં ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવેસી એક્ટ (FERPA) અને તેને અમલમાં મૂકતા કાયદાઓ હેઠળના અધિકારો સમાવિષ્ટ છે.

ઓળખ, સ્થળ અથવા મૂલ્યાંકનની કોઇપણ મોટી પ્રવૃત્તિ ("ચાઇલ્ડ ફાઇન્ડ" તરીકે પણ ઓળખાય છે) કરતા પહેલા, આ સૂચનાને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂરીયાતવાળા બાળકોને શોધવા, ઓળખવા અને મૂલ્યાંકન માટે પ્રવૃત્તિવાળા પૂરા સ્ટેટના માતાપિતાને સૂચિત કરી શકાય તેટલું વેચાણ હોય તેવા સમાચારપત્રો કે અન્ય મીડિયા અથવા બન્નેમાં પ્રકાશિત અથવા જાહેર કરવામાં આવવી જોઇએ.

### ઍક્સેસના અધિકારો

સહભાગી એજન્સી દ્વારા તમને IDEA ના ભાગ B હેઠળ તમારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા એકત્રિત, જાળવી અને ઉપયોગ કરવામાં આવતા તમારા બાળક સંબંધી શિક્ષણની કોઇપણ નોંધને તપાસવાની અને સમીક્ષા કરવાની પરવાનગી આપવામાં આવવી જોઇએ. બિનજરૂરી વિલંબ વિના અને ઇન્ડિવિડ્યુઅલાઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) સંબંધી કોઇપણ બેઠક અથવા જરૂરી પ્રક્રિયા સંબંધી કોઇ નિષ્પક્ષ સુનાવણી (ઠરાવ બેઠક અથવા શિસ્ત સંબંધી સુનાવણી સહિત) પહેલા અને કોઇપણ સ્થિતિમાં તમે વિનંતી કર્યાના 45 કૅલેન્ડર દિવસ સુધીમાં, સહભાગી એજન્સી દ્વારા તમારા બાળકના શિક્ષણની કોઇપણ નોંધને તપાસવાની અને સમીક્ષા કરવાની તારી વિનંતીનું પાલન કરવામાં આવવું જોઇએ.

શિક્ષણની નોંધ તપાસવાના અને સમીક્ષા કરવાના તમારા અધિકારોમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે:

1. નોંધના સ્પષ્ટીકરણો અને અર્થઘટનો માટેની તમારી વાજબી વિનંતીઓ માટે સહભાગી એજન્સી તરફથી પ્રતિક્રિયા મેળવવાનો તમારો અધિકાર;
2. નકલો પ્રાપ્ત ના થાય ત્યાં સુધી જો તમે નોંધને અસરકારક રીતે તપાસી અથવા સમીક્ષા ના કરી શકો તો, સહભાગી એજન્સી દ્વારા નોંધની નકલો પૂરી પાડવાની વિનંતી કરવાનો તમારો અધિકાર **અને**
3. તમારા પ્રતિનિધિ દ્વારા નોંધની તપાસ અને સમીક્ષા કરાવવાનો તમારો અધિકાર.

જ્યાં સુધી એવું જણાવવામાં ના આવે કે વાલીપણા, અલગ પડવા અથવા છૂટાછેડા જેવી બાબતોનું સંચાલન કરતા સ્ટેટના લાગુ પડતા કાયદા હેઠળ તમને સત્તા નથી ત્યાં સુધી, સહભાગી એજન્સી એવું માની શકે છે કે તમારા બાળક સંબંધી નોંધની તપાસ અને સમીક્ષા કરવાની તમને સત્તા નથી.

### ઍક્સેસની નોંધ

પ્રત્યેક સહભાગી એજન્સી દ્વારા IDEAના ભાગ B હેઠળ એકત્રિત, જાળવી અથવા ઉપયોગ કરેલા શિક્ષણની નોંધનું ઍક્સેસ પ્રાપ્ત કરતા પક્ષો (માતાપિતા અને સહભાગી એજન્સીના અધિકૃત કર્મચારીઓના ઍક્સેસ સિવાય)ની નોંધ રાખવામાં આવવી જોઇએ, જેમાં પક્ષનું નામ, ઍક્સેસ આપ્યાની તારીખ અને પક્ષને નોંધના જે ઉપયોગ માટે અધિકૃતતા આપવામાં આવી હોય તે ઉદ્દેશ સમાવિષ્ટ છે.

### એક કરતા વધારે બાળક પરની નોંધ

જો શિક્ષણની કોઇ નોંધમાં એક કરતા વધારે બાળકની માહિત સમાવિષ્ટ હોય તો, તે બાળકોના માતાપિતાને ફક્ત તેમના બાળક સંબંધી માહિતીને જ તપાસવાનો અને સમીક્ષા કરવાનો અથવા તે ચોક્કસ માહિતીની જાણ કરવાનો અધિકાર હોય છે.

### માહિતીના પ્રકારો અને સ્થળોની યાદી

વિનંતી કરવા પર, દરેક સહભાગી એજન્સી દ્વારા તમને એજન્સી દ્વારા એકત્રિત, જાળવી અથવા ઉપયોગ કરવામાં આવતા શિક્ષણની નોંધના પ્રકારો અને સ્થળોની એક યાદી પૂરી પાડવામાં આવવી જોઇએ.

### ફી

જો ફી નોંધને તપાસવાના અને સમીક્ષા કરવાના તમારા અધિકારને અસરકારક રીતે અવરોધે નહીં તો, પ્રત્યેક સહભાગી એજન્સી દ્વારા IDEAના ભાગ B હેઠળ તમારા માટે તૈયાર કરેલી નોંધની નકલો માટે એક ફી વસૂલી શકે છે.

સહભાગી એજન્સી IDEAના ભાગ B હેઠળ માહિતી શોધવા માટે અથવા પાછી મેળવવા માટે ફી વસૂલી શકે નહીં.

### માતા-પિતાની વિનંતી પર નોંધનો સુધારો

જો તમને લાગે કે IDEAના ભાગ B હેઠળ એકત્રિત, જાળવી અથવા ઉપયોગ કરેલા તમારા બાળક સંબંધી શિક્ષણની નોંધની માહિતી ભૂલ ભરેલી, ભ્રામક છે અથવા ગોપનીયતા કે તમારા બાળકના અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરે છે તો, તમે માહિતી જાળવી રાખતી સહભાગી એજન્સીને આ માહિતીમાં બદલાવ કરવાની વિનંતી કરી શકો છો.

સહભાગી એજન્સી દ્વારા તમારી વિનંતી મળ્યાના દિવસથી વાજબી સમયગાળાની અંદર તમારી વિનંતી અનુસાર માહિતીમાં બદલાવ કરવો કે નહીં તે નક્કી કરવામાં આવવું જોઇએ.

જો સહભાગી એજન્સી દ્વારા તમારી વિનંતી અનુસારનો બદલાવ કરવાનું નકારવામાં આવે તો, તેમના દ્વારા તમને આ નકારની જાણ કરવામાં આવવી જોઇએ અને ***સુનાવણી માટેની તક***ના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર આ ઉદ્દેશ માટે એક સુનાવણીના અધિકારની તમને જાણ કરવામાં આવવી જોઇએ.

### સુનાવણી માટેની તક

વિનંતી પર, માહિતી ભૂલ ભરેલી, ભ્રામક છે અથવા અન્ય રીતે ગોપનીયતા અથવા તમારા બાળકના અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરતી ના હોવાનું સુનિશ્ચિત કરવા માટે તમારા બાળક સંબંધી શિક્ષણની નોંધમાંની માહિતીને પડકાર આપવા સહભાગી એજન્સી દ્વારા તમને સુનાવણી માટેની એક તક પૂરી પાડવામાં આવવી જોઇએ.

### સુનાવણીની પ્રક્રિયાઓ

શિક્ષણની નોંધમાંની માહિતીના પડકારની સુનાવણી ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવેસી એક્ટ (FERPA) હેઠળ આવી સુનાવણીઓ માટેની પ્રક્રિયાઓ અનુસાર હાથ ધરવામાં આવવી જોઇએ.

### સુનાવણીનું પરિણામ

સુનાવણીના પરિણામને લીધે જો સહભાગી એજન્સી એવું નક્કી કરે કે તે માહિતી ભૂલ ભરેલી, ભ્રામક છે અથવા અન્ય રીતે ગોપનીયતા અથવા તમારા બાળકના અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરે છે તો, તેમણે તે અનુસાર માહિતીમાં બદલાવ કરવો જોઇએ અને તમને લેખિતમાં જાણ કરવી જોઇએ.

સુનાવણીના પરિણામને લીધે જો સહભાગી એજન્સી એવું નક્કી કરે કે તે માહિતી ભૂલ ભરેલી, ભ્રામક નથી અથવા અન્ય રીતે ગોપનીયતા અથવા તમારા બાળકના અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરતી નથી તો, તેમના દ્વારા જાળવવામાં આવતી તમારા બાળકની નોંધની માહિતી પર ટિપ્પણી સાથેનું એક નિવેદન મૂકવા અથવા સહભાગી એજન્સીના નિર્ણય સાથે તમે અસહમત હોવાના કોઇપણ કારણો પૂરા પાડવાના તમારા અધિકાર વિષે તમને તેમના દ્વારા જાણ કરવામાં આવવી જોઇએ.

તમારા બાળકની નોંધમાં મૂકવામાં આવેલ આવા સ્પષ્ટીકરણ સાથે નીચે મુજબ કરવામાં આવવું જોઇએ:

1. સહભાગી એજન્સી દ્વારા તે નોંધ અથવા વિવાદાત્મક ભાગને જાળવી રાખવામાં આવે ત્યાં સુધી, સહભાગી એજન્સીએ તમારા બાળકની નોંધના ભાગ રૂપે તેને જાળવી રાખવું **અને**

2. જો સહભાગી એજન્સી તમારા બાળકની નોંધ અથવા વિવાદાત્મક ભાગને ત્રીજા પક્ષ સામે જાહેર કરે તો, તે પક્ષ સામે આ સ્પષ્ટીકરણને પણ જાહેર કરવું.

### વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીને જાહેર કરવા માટેની સંમતિ

જ્યાં સુધી શિક્ષણની નોંધમાં માહિતી સમાવિષ્ટ ના હોય અને ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવેસી એક્ટ (FERPA) હેઠળ માતાપિતાની સંમતિ વિના જાહેર કરવાની સત્તા આપી ના હોય ત્યાં સુધી, સહભાગી એજન્સીઓના અધિકારીઓ સિવાયના ત્રીજા પક્ષો સામે વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી જોહર કરતા પહેલા તમારી સંમતિ પ્રાપ્ત કરવામાં આવવી જોઇએ. નીચે ઉલ્લેખિત સંજોગો સિવાય, IDEA ના ભાગ Bની જરૂરીયાતને સંતોષવાના ઉદ્દેશો માટે વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીને સહભાગી એજન્સીઓના અધિકારીઓ સામે જાહેર કરતા પહેલા તમારી સંમતિની જરૂર પડતી નથી.

ટ્રાન્ઝિશન સેવાઓ પૂરી પાડતી અથવા તેની ચુકવણી કરતી સહભાગી એજન્સીઓના અધિકારીઓ સામે વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી જાહેર કરતા પહેલા, તમારી સંમતિ અથવા સ્ટેટના કાયદા હેઠળ પુખ્તવયની ઉંમર પર પહોંચી ગયેલા બાળકની સંમતિ પ્રાપ્ત કરવામાં આવવી જોઇએ.

જો તમારૂં બાળક તમે રહેતા હો તે જ સ્કૂલ ડિસ્ટ્રિક્ટના વિસ્તારમાં સ્થિત ના હોય તેવી પ્રાઇવેટ સ્કૂલ માં હોય અથવા જવાનું હોય તો, પ્રાઇવેટ સ્કૂલ જે વિસ્તારમાં હોય તે સ્કૂલ ડિસ્ટ્રિક્ટના અધિકારીઓ અને તમે રહેતા હો તે સ્કૂલ ડિસ્ટ્રિક્ટના અધિકારીઓ વચ્ચે તમારા બાળકની વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી કોઇપણ માહિતીને જાહેર કરતા પહેલા તમારી સંમતિ પ્રાપ્ત કરવામાં આવવી જોઇએ.

### સલામતી

પ્રત્યેક સહભાગી એજન્સી દ્વારા એકત્રિકરણ, સંગ્રહ, જાહેર અને નાશ કરવાના તબક્કાઓ પર વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીની સુરક્ષા કરવામાં આવવી જોઇએ.

વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી કોઇપણ માહિતીની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે પ્રત્યેક સહભાગી એજન્સીના એક અધિકારી દ્વારા જવાબદારી લેવામાં આવવી જોઇએ.

વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીને એકત્રિત અથવા ઉપયોગ કરનારી બધી વ્યક્તિઓને તમારા સ્ટેટની નીતિઓ અને IDEA ના ભાગ B અને ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવેસી એક્ટ (FERPA) હેઠળની ગોપનીયતા સંબંધી પ્રક્રિયાઓની તાલીમ અથવા સૂચના આપવામાં આવવી જોઇએ.

જાહેર નિરીક્ષણ માટે, પ્રત્યેક સહભાગી એજન્સી દ્વારા વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીનું ઍક્સેસ હોઇ શકે તેવા એજન્સીના કર્મચારીઓના નામો અને હોદ્દાઓની એક વર્તમાન યાદી જાળવવામાં આવવી જોઇએ.

### માહિતીનો નાશ કરવો

તમારા બાળકને શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા માટે ક્યારે એકત્રિત કરેલી, જાળવી રાખેલી અને ઉપયોગ કરેલી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતીની આગળ જરૂર ના હોવા વિષે તમારા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને જાણ કરવામાં આવવી જોઇએ.

તમારી વિનંતી પર આ માહિતીનો નાશ કરવામાં આવવો જોઇએ. જોકે, તમારા બાળકનું નામ, સરનામું અને ફોન નંબર, તેની અથવા તેણીના ગ્રેડ, હાજરીની નોંધ, ભાગ લીધેલા વર્ગો, પૂર્ણ કરેલ ગ્રેડ સ્તર અને પૂર્ણ કર્યાના વર્ષ જેવી કાયમી નોંધને સમયની મર્યાદા વિના જાળવી રાખવામાં આવી શકે છે.

## સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓ

### જરૂરી પ્રક્રિયાની સુનાવણી સંબંધી ફરિયાદ અને સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓ વચ્ચેનો તફાવત

IDEA ના ભાગ B માટેના નિયમો સ્ટેટની ફરિયાદો અને જરૂરી પ્રક્રિયા સંબંધી ફરિયાદો અને સુનાવણીઓ માટે અલગ પ્રક્રિયાઓ નિર્ધારિત કરે છે. નીચે વર્ણવ્યા મુજબ, કોઇપણ વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ એજ્યુકેશનલ એજન્સી અથવા અન્ય કોઇ જાહેર એજન્સી દ્વારા ભાગ Bની કોઇપણ જરૂરીયાતના ઉલ્લંઘનના આક્ષેપ સાથે સ્ટેટ સામે ફરિયાદ નોંધાવી શકે છે. અસમર્થતા ધરાવતા બાળકની ઓળખ, મૂલ્યાંકન અથવા શૈક્ષણિક નિયુક્તિ અથવા બાળકના ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) ની જોગવાઇ શરુ કરવા અથવા બદલવા માટેના કોઇ પ્રસ્તાવ અથવા નકાર સંબંધી કોઇપણ બાબત પર ફક્ત તમે અથવા તો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જ જરૂરી પ્રક્રિયા સંબંધી ફરિયાદ નોધાવી શકે છે. નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ ના કર્મચારીઓ દ્વારા સામાન્યતઃ 60 દિવસની સમયરેખાની અંદર સ્ટેટની ફરિયાદનો ઉકેલ લાવવો જરૂરી હોવા છતાં, જ્યાં સુધી આ સમયરેખાને યોગ્ય રીતે વધારવામાં ના આવે ત્યાં સુધી, જરૂરી પ્રક્રિયાની એક નિષ્પક્ષ સુનાવણીના અધિકારી દ્વારા એક જરૂરી પ્રક્રિયા સંબંધી ફરિયાદની સુનાવણી કરવામાં આવવી જોઇએ (જો ઠરાવ બેઠક અથવા મધ્યસ્થતા દ્વારા તેનો ઉકેલ ના આવ્યો હોય તો) અને જ્યાં સુધી તમારી વિનંતી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટની વિનંતી પર સુનાવણીના અધિકારી દ્વારા આ સમયરેખાને કોઇ ચોક્કસ સમય સુધી વધારવાની મંજૂરી ના આપે ત્યાં સુધી, આ દસ્તાવેજમાં ઠરાવ પ્રક્રિયાના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર ઠરાવની અવધિ સમાપ્ત થયા પછી 45 દિવસની અંદર એક લેખિત નિર્ણય જારી કરવામાં આવવો જોઇએ. સ્ટેટની ફરિયાદ અને જરૂરી પ્રક્રિયાની ફરિયાદ, ઠરાવ અને સુનાવણીની પ્રક્રિયાઓને નીચે સંપૂર્ણ રીતે વર્ણવવામાં આવેલ છે.

### સ્ટેટની ફરિયાદ કાર્યવાહી સ્વીકાર

#### સામાન્ય

નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ પાસે નીચેના માટેની લેખિત પ્રક્રિયાઓ હોવી જોઇએ:

1. કોઇપણ ફરિયાદને ઉકેલવા, જેમાં અન્ય સ્ટેટની કોઇ સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ સમાવિષ્ટ છે;
2. નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ પાસે ફરિયાદ નોંધાવવા;
3. સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓને માતાપિતા અને રસ ધરાવતા અન્ય લોકો સુધી ફેલાવવા, જેમાં માતાપિતાની તાલીમ અને માહિતી કેન્દ્રો, સુરક્ષા અને સમર્થન કરતી એજન્સીઓ, સ્વતંત્ર આવાસ કેન્દ્રો અને અન્ય યોગ્ય સંસ્થાઓ સમાવિષ્ટ છે.

#### યોગ્ય સેવાઓના નકાર માટેના ઉપાયો

સ્ટેટની એવી ફરિયાદ જેનો ઉકેલ લાવવામાં નેબ્રાસ્કા ડિપાર્ટમેન્ટ ઓફ એજન્યુકેશન યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહ્યું હોય તો, નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ દ્વારા નીચેની બાબતોને સંબોધવામાં આવવી જોઇએ:

1. યોગ્ય સેવાઓ પૂરી પાડવાની નિષ્ફળતા, જેમાં બાળકની જરૂરીયાતોને સંબોધવા માટેના યોગ્ય સુધારાત્મક પગલાં સમાવિષ્ટ છે **અને**
2. અસમર્થતા ધરાવતા બધા બાળકો માટેની સેવાઓ સંબંધી ભવિષ્યની યોગ્ય જોગવાઇ.

## સ્ટેટની ફરિયાદ સંબંધિત ન્યૂનત્તમ પ્રક્રિયાઓ

### સમય મર્યાદા; ન્યૂનત્તમ પ્રક્રિયાઓ

પ્રત્યેક ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દ્વારા તેમની સ્ટેટની ફરિયાદ સંબંધી પ્રક્રિયાઓમાં, નીચે મુજબની ફરિયાદ નોંધાવવામાં આવ્યા પછી, 60 દિવસની સમય મર્યાદા સમાવિષ્ટ કરવામાં આવવી જોઇએ:

1. જો નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ એવું નક્કી કરે કે એક તપાસ કરવી જરૂરી છે તો, એક સ્વતંત્ર ઓન-સાઇટ તપાસ હાથ ધરવાની;
2. ફરિયાદમાંના આક્ષેપો વિષે ફરિયાદીને મૌખિક અથવા લેખિતમાં વધારાની માહિતી રજૂ કરવાની તક આપવાની;
3. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સીને ફરિયાદ પર પ્રતિક્રિયા પૂરી પાડવાની, જેમાં ઓછામાં ઓછું: (a) એજન્સીના વિકલ્પ પર ફરિયાદનો ઉકેલ લાવવાનો એક પ્રસ્તાવ **અને** (b) ફરિયાદ નોંધાવી હોય તે માતાપિતા અને એજન્સીને સ્વૈચ્છિક રીતે મધ્યસ્થતામાં સામેલ થવાની તક સમાવિષ્ટ છે;
4. સંબંધિત બધી માહિતીની સમીક્ષા કરવાની અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સી IDEA ના ભાગ B ની જરૂરીયાતોનું ઉલ્લંઘન કરી રહી છે કે કેમ તેનો સ્વતંત્ર રીતે એક નિર્ણય કરવાની **અને**
5. ફરિયાદને એક લેખિત નિર્ણય જારી કરવાની, જે ફરિયાદમાંના દરેક આક્ષેપને સંબોધતો હોય અને તેમાં: (a) તથ્ય અને નિષ્કર્ષોના તારણો **અને** (b) નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ ના અંતિમ નિર્ણયના કારણો સમાવિષ્ટ હોય.

### સમયનો વધારો; અંતિમ નિર્ણય; અમલીકરણ

નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ ની ઉપર વર્ણવેલી પ્રક્રિયાઓ નીચે મુજબ પણ કરવી જોઇએ:

1. સમય મર્યાદામાં 60 દિવસનો વધારો કરવાની પરવાનગી આપવામાં આવવી જોઇએ, જો: (a) સ્ટેટની ચોક્કસ ફરિયાદ સંબંધિત અપવાદરૂપ સંજોગો હોય **અથવા** (b) માતાપિતા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા સમાવિષ્ટ અન્ય જાહેર એજન્સી મધ્યસ્થતા અથવા જો સ્ટેટમાં ઉપલબ્ધ હોય તો, વિવાદનો ઉકેલ લાવવાની અન્ય રીતો દ્વારા આ બાબતનો ઉકેલ લાવવા માટે સમયમાં વધારો કરવા સ્વૈચ્છિક રીતે સહમત થાય.
2. જો જરૂરી હોય તો, નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ ના અંતિમ નિર્ણયના અસરકારક અમલીકરણ માટેની પ્રક્રિયાઓ સમાવિષ્ટ કરવામાં આવવી જોઇએ, જેમાં: (a) ટેક્નિતલ મદદ સંબંધી પ્રવૃત્તિઓ; (b) વાટાઘાટો **અને** (c) સંમતિ પ્રાપ્ત કરવા માટેના સુધારાત્મક પગલાંઓ સમાવિષ્ટ છે.

### સ્ટેટની ફરિયાદો અને જરૂરી પ્રક્રિયાની સુનાવણીઓ

જો સ્ટેટની એક લેખિત ફરિયાદ પ્રાપ્ત થાય તો, તે પણ ***જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવી***ના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર એક જરૂરી પ્રક્રિયાની સુનાવણીને આધિન છે અથવા જો સ્ટેટની ફરિયાદમાં ઘણા બધા મુદ્દાઓ સમાવિષ્ટ હોય અને તેમાંના એક અથવા વધુ મુદ્દાઓ આવી સુનાવણીનો ભાગ હોય તો, સુનાવણી પૂરી ના થાય ત્યાં સુધી સ્ટેટ દ્વારા સ્ટેટની ફરિયાદ અથવા જરૂરી પ્રક્રિયાની સુનાવણીમાં સંબોધેલા સ્ટેટની ફરિયાદના કોઇ ભાગને બાજુ પર મૂકી દેવામાં આવવો જોઇએ. સ્ટેટની ફરિયાદનો એવો કોઇ મુદ્દો જે જરૂરી પ્રક્રિયાની સુનાવણીનો ભાગ ના હોય તેને ઉપર વર્ણવેલી સમય મર્યાદા અને પ્રક્રિયાઓના ઉપયોગથી ઉકેલવામાં આવવો જોઇએ.

જો સ્ટેટની ફરિયાદમાં ઉઠાવેલા મુદ્દાને સમાન પક્ષો (તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ)ની જરૂરી પ્રક્રિયાની સુનાવણીમાં અગાઉ નક્કી કરવામાં આવેલ હોય તો, જરૂરી પ્રક્રિયાની સુનાવણીનો નિર્ણય તે મુદ્દા માટે બંધનકર્તા રહે છે અને નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ દ્વારા ફરિયાદીને જાણ કરવામાં આવવી જોઇએ કે આ નિર્ણય બંધનકર્તા છે.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સી દ્વારા જરૂરી પ્રક્રિયાની સુનાવણીનો નિર્ણયને અમલમાં મૂકવામાં નિષ્ફળ જવાનો આક્ષેપ કરતી ફરિયાદને નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ દ્વારા ઉકેલવામાં આવવી જોઇએ.

## ફરિયાદ નોંધાવવી

કોઇપણ સંસ્થા અથવા વ્યક્તિ ઉપર વર્ણવેલી પ્રક્રિયાઓ હેઠળ સહી કરેલી સ્ટેટની એક લેખિત ફરિયાદ નોંધાવી શકે છે.

સ્ટેટની ફરિયાદમાં નીચેની બાબતો સમાવિષ્ટ હોવી જોઇએ:

1. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સીએ IDEA ના ભાગ Bની જરૂરીયાતો અથવા તેના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનું એક નિવેદન;
2. તે નિવેદન આધારિત તથ્યો;
3. ફરિયાદીની સહી અને સંપર્ક માહિતી અને
4. જો આક્ષેપિત ઉલ્લંઘનો એક ખાસ બાળક સંબંધી હોય તો:
   - (a) તે બાળકનું નામ અને તે બાળના રહેઠાણનું સરનામું;
   - (b) તે બાળક અભ્યાસ કરતું હોય તે શાળાનું નામ;
   - (c) બેઘર બાળક અથવા યુવાનના કેસમાં, તે બાળકની ઉપલબ્ધ સંપર્ક માહિતી અને તે બાળક અભ્યાસ કરતું હોય તે શાળાનું નામ;
   - (d) બાળકની સમસ્યાના સ્વરૂપનું વર્ણન, સમસ્યા સંબંધી તથ્યો સહિત **અને**
   - (e) ફરિયાદ નોંધવામાં આવી તે સમયે ફરિયાદ નોંધાવતા પક્ષને જાણ અને ઉપલબ્ધ હોય ત્યાં સુધી, તે સમસ્યાનો પ્રસ્તાવિત ઉકેલ.

આ ફરિયાદમાં, ***સ્ટેટની ફરિયાદ સંબંધિત પ્રક્રિયાઓનો સ્વીકારના*** મથાળા હેઠળ વર્ણવ્યા મુજબ ફરિયાદ પ્રાપ્ત થયાની તારીખથી એક વર્ષ પહેલા ના ઉદ્ભવ્યું હોય તેવા ઉલ્લંઘનનો આક્ષેપ હોવો આવશ્યક છે.

સ્ટેટની ફરિયાદ નોંધાવતા પક્ષ દ્વારા ફરિયાદની એક નકલને બાળકને સેવા આપતી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સીને તેમજ નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ પાસે ફરિયાદ નોંધાવતા પક્ષને આપવામાં આવવી જોઇએ.

## બાકી પ્રક્રિયાની ફરિયાદ સંબંધિત પ્રક્રિયાઓ

### બાકી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવી

**સામાન્ય**

તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન અથવા શૈક્ષણિક નિયુક્તિ અથવા તમારા બાળક માટેની ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) ની જોગવાઇની શરુઆત અથવા બદલાવના પ્રસ્તાવ અથવા નકાર સંબંધી કોઇપણ બાબત માટે તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવી શકે છે.

જરૂરી પ્રક્રિયાની ફરિયાદમાં એવા ઉલ્લંઘનનો આક્ષેપ હોવો જોઇએ, જેની તમને અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટને જાણ હતી અથવા જરૂરી પ્રક્રિયાની ફરિયાદનો આધાર બનતા આ આક્ષેપિત કાર્ય વિષે જાણ હોવી જોઇએ અને તે બે વર્ષથી વધુ સમય પહેલા બન્યું હોવું જોઇએ નહીં.

જો તમે નીચેનાને કારણે સમયરેખાની અંદર જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવી શક્યા ના હો તો, ઉપરોકત સમયરેખા તમને લાગુ પડતી નથી:

1. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા સ્પષ્ટ રીતે એવી ખોટી રજૂઆત કરવામાં આવી હોય કે ફરિયાદમાં ઓળખવામાં આવેલા મુદ્દાઓને તેમણે ઉકેલી નાખ્યા હતા **અથવા**
2. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા IDEA ના ભાગ B હેઠળ તમને પૂરી પાડવી જરૂરી હોય તેવી માહિતીને રોકી રાખવામાં આવી હોય.

**માતાપિતા માટેની સૂચના**

જો તમે માહિતી માટે વિનંતી કરો **અથવા** તમારા કે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવામાં આવે તો, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને તે વિસ્તારમાં ઉપલબ્ધ કોઇ નિઃશુલ્ક અથવા ઓછા ખર્ચવાળી કાયદાકીય અને સંબંધિત અન્ય સેવાઓ વિષેની માહિતી આપવામાં આવવી જોઇએ.

### બાકી પ્રક્રિયાની ફરિયાદ

**સામાન્ય**

એક સુનાવણીની વિનંતી કરવા માટે, તમારા અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ (અથવા તમારા વકીલ કે સ્કૂલ ડિસ્ટ્રિક્ટના વકીલ) દ્વારા અન્ય પક્ષ પાસે એક જરૂરી પ્રક્રિયાની ફરિયાદ સબમિટ કરવામાં આવવી જોઇએ. તે ફરિયાદમાં નીચે આપેલ યાદીવાળી બધી માહિતી સમાવિષ્ટ હોવી જોઇએ અને તેને ગોપનીય રાખવામાં આવવી જોઇએ.

તમારા અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાંથી જેમણે પણ ફરિયાદ નોંધાવી હોય તેમના દ્વારા તે ફરિયાદની એક નકલ નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ ને પણ પૂરી પાડવામાં આવવી જોઇએ.

**ફરિયાદની માહિતી**

જરૂરી પ્રક્રિયાની ફરિયાદમાં નીચેની માહિતી સમાવિષ્ટ હોવી જોઇએ:

1. બાળકનું નામ;
2. બાળકના રહેઠાણનું સરનામું;
3. બાળકની શાળાનું નામ;
4. જો બાળક બેઘર બાળક અથવા યુવાન હોય તો, તે બાળકના સંપર્કની માહિતી અને બાળકની શાળાનું નામ;
5. પ્રસ્તાવિત અથવા નકારેલ કાર્ય સંબંધી બાળકની સમસ્યાના સ્વરૂપનું વર્ણન, જેમાં આ સમસ્યા સંબંધી તથ્યો સમાવિષ્ટ છે **અને**
6. તે સમયે તમને અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટને જાણ અને ઉપલબ્ધ હોય ત્યાં સુધી, તે સમસ્યાનો પ્રસ્તાવિત ઉકેલ.

**જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પરની સુનાવણી પહેલાની જરૂરી સૂચના**

જ્યાં સુધી તમારા અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ (અથવા તમારા વકીલ કે સ્કૂલ ડિસ્ટ્રિક્ટના વકીલ) દ્વારા ઉપર યાદી આપેલી માહિતી સાથે જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવામાં ના આવે ત્યાં સુધી તમને અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટને જરૂરી પ્રક્રિયાની સુનાવણી ના આપવામાં આવી શકે.

**ફરિયાદની પૂર્તતા**

જરૂરી પ્રક્રિયાની ફરિયાદને આગળ વધારવા માટે, તેની પૂર્તતાને ધ્યાનમાં લેવામાં આવવી જોઇએ. જરૂરી પ્રક્રિયાની ફરિયાદને ત્યારે પૂરતી (ઉપરોક્ત માહિતીની જરૂરીયાતોને સંતોષવી) માનવામાં આવશે જ્યારે જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પ્રાપ્ત કરનાર પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) 15 દિવસની અંદર સુનાવણીના અધિકારી અને અન્ય પક્ષને લેખિતમાં સૂચિત કરે નહીં કે પ્રાપ્તકર્તા પક્ષ એવું માને છે કે જરૂરી પ્રક્રિયાની ફરિયાદ ઉપર યાદી આપેલ જરૂરીયાતોને સંતોષતી નથી.

સૂચના પ્રાપ્ત કર્યાના પાંચ દિવસની અંદર પ્રાપ્ત કર્તા પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) દ્વારા જરૂરી પ્રક્રિયાની ફરિયાદને અપૂરતી માનવામાં આવે તો, સુનાવણીના અધિકારી દ્વારા એ નક્કી કરવામાં આવવું જોઇએ કે જરૂરી પ્રક્રિયાની ફરિયાદ ઉપર યાદી આપેલ જરૂરીયાતોને સંતોષે છે કે કેમ અને તેની તમને અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટને તુરત લેખિતમાં જાણ કરવામાં આવવી જોઇએ.

**ફરિયાદનો સુધારો**

તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ફરિયાદમાં બદલાવો કરી શકો છો, જો:

1. અન્ય પક્ષ તે બદલાવોની લેખિતમાં મંજૂરી આપે અને નીચે વર્ણવેલી ઠરાવ બેઠક દ્વારા તેને જરૂરી પ્રક્રિયાની ફરિયાદનો ઉકેલ લાવવાની તક આપવામાં આવી હોય <u>અથવા</u>
2. જરૂરી પ્રક્રિયાની સુનાવણી શરૂ થવાના પાંચ દિવસ પહેલા, સુનાવણીના અધિકારી દ્વારા તે બદલાવોની પરવાનગી આપવામાં આવે.

જો ફરિયાદી પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) જરૂરી પ્રક્રિયાની ફરિયાદમાં બદલાવો કરે તો, ઠરાવ બેઠકની સમયરેખા (ફરિયાદ પ્રાપ્ત કર્યાના 15 દિવસની અંદર) અને ઉકેલ માટેનો સમયગાળો (ફરિયાદ પ્રાપ્ત કર્યાના 30 દિવસની અંદર) સુધારેલી ફરિયાદ નોંધાવ્યાની તારીખથી ફરી શરૂ થાય છે.

**લોકલ એજ્યુકેશનલ એજન્સી (Local educational agency (LEA)) અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટની જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પરની પ્રતિક્રિયા**

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા ***પૂર્વ લેખિત સૂચના***ના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર તમને તમારી જરૂરી પ્રક્રિયાની ફરિયાદમાં સમાવિષ્ટ વિષય સંબંધી પૂર્વ લેખિત સૂચના મોકલવામાં આવી ના હોય તો, જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પ્રાપ્ત કર્યાના 10 દિવસની અંદર સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને એક પ્રતિક્રિયા મોકલવામાં આવવી જોઇએ, જેમાં નીચેની બાબતો સમાવિષ્ટ હોવી જોઇએ:

1. જરૂરી પ્રક્રિયાની ફરિયાદમાં જણાવેલ કાર્યવાહીનો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા શા માટે પ્રસ્તાવ આપવામાં આવ્યો અથવા તેને નકારવામાં આવી તેનું વર્ણન;
2. તમારા બાળકની ઇન્ડિવિડ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) ની ટીમે ધ્યાનમાં લીધા હોય તેવા અન્ય વિકલ્પો અને તે વિકલ્પોને શા માટે નકારવામાં આવ્યા તેનું વર્ણન;
3. પ્રસ્તાવિત અથવા નકારેલી કાર્યવાહી માટેના આધાર રૂપે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા ઉપયોગ કરવામાં આવેલ પ્રત્યેક મૂલ્યાંકન, પ્રક્રિયા, આકારણી, નોંધ અથવા રિપોર્ટનું વર્ણન <u>અને</u>
4. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા પ્રસ્તાવિત અથવા નકારેલ કાર્યવાહી સાથે સંબંધ ધરાવતા હોય તેવા અન્ય પરિબળોનું વર્ણન.

ઉપરોક્ત 1-4 આઇટમોની માહિતી પૂરી પાડવી એ સ્કૂલ ડિસ્ટ્રિક્ટને એવો દાવો કરતા અટકાવતું નથી કે તમારી જરૂરી પ્રક્રિયાની ફરિયાદ અપૂરતી હતી.

**જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પરની અન્ય પક્ષની પ્રતિક્રિયા**

ઉપરોક્ત પેટા મથાળા હેઠળ દર્શાવ્યા સિવાય, ***લોકલ એજ્યુકેશનલ એજન્સી (LEA) અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટની જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પરની પ્રતિક્રિયા,*** જરૂરી પ્રક્રિયાની ફરિયાદ પ્રાપ્ત કરનાર પક્ષ દ્વારા ફરિયાદ પ્રાપ્ત કર્યાના 10 દિવસની અંદર અન્ય પક્ષને એક પ્રતિક્રિયા મોકલવામાં આવવી જોઇએ જે ફરિયાદમાંની સમસ્યાઓને સ્પષ્ટ રીતે સંબોધે.

## મોડલ ફોર્મ

તમને જરૂરી પ્રક્રિયાની ફરિયાદ અને સ્ટેટની ફરિયાદ નોંધાવવામાં મદદરૂપ થાય તે માટે નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ દ્વારા મોડલ ફોર્મ તૈયાર કરવામાં આવા જોઇએ. જોકે, તમારા સ્ટેટ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ માટે તમારે આ મોડલ ફોર્મનો ઉપયોગ કરવાની જરૂર ન પડી શકે. તમે આ ફોર્મ અથવા અન્ય યોગ્ય મોડલ ફોર્મનો પણ ઉપયોગ કરી શકો છો, જેમાં જરૂરી પ્રક્રિયાની ફરિયાદ અથવા સ્ટેટની ફરિયાદ નોંધાવવા માટેની જરૂરી માહિતી સમાવિષ્ટ હોય.

## મધ્યસ્થતા

**સામાન્ય**

IDEAના ભાગ B હેઠળની કોઇપણ બાબતને લઇને તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ વચ્ચેના મતભેદોનો ઉકેલ લાવવા માટે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને મધ્યસ્થતા ઉપલબ્ધ કરાવવામાં આવવી જોઇએ, જેમાં જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવતા પહેલા ઉદ્ભવતી બાબતો સમાવિષ્ટ છે. આ રીતે, IDEA ના ભાગ B હેઠળના વિવાદોને ઉકેલવા માટે મધ્યસ્થતા ઉપલબ્ધ હોય છે, પછી ભલે તમે ***જરૂરી પ્રક્રિયાની ફરિયાદ નોંધાવવી***ના મથાળા હેઠળ વર્ણવ્યા અનુસાર જરૂરી પ્રક્રિયાની સુનાવણીની વિનંતી કરવા માટે તમે જરૂરી પ્રક્રિયાની ફરિયાદ કરી હોય કે નહીં.

**જરૂરીયાતો**

આ પ્રક્રિયાઓ એ સુનિશ્ચિત કરવી જોઇએ કે મધ્યસ્થતાની પ્રક્રિયા:

1. તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ માટે સ્વૈચ્છિક છે;
2. તેનો ઉપયોગ જરૂરી પ્રક્રિયાની સુનાવણીના તમારા અધિકારને નકારવા અથવા વિલંબિત કરવા માટે કરવામાં આવતો નથી અથવા IDEA ના ભાગ B હેઠળના તમારા અન્ય અધિકારોને નકારવા માટે કરવામાં આવતો નથી **અને**
3. તેને એક એવા યોગ્ય અને નિષ્પક્ષ મધ્યસ્થી દ્વારા હાથ ધરવામાં આવવી જોઇએ જેમણે મધ્યસ્થતાની અસરકારક રીતોની તાલીમ મેળવેલી હોય.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એવી પ્રક્રિયાઓ વિકસિત કરી શકે છે જે મધ્યસ્થતાની પ્રક્રિયાનો ઉપયોગ કરવાનું પસંદ ન કરતા માતાપિતા અને શાળાઓને તમારી અનુકૂળતાવાળા સમય અને સ્થળ પર એક તટસ્થ પક્ષને મળવાની તક આપે:

1. જે વિવાદનો ઉકેલ લાવતી એક યોગ્ય વૈકલ્પિક સંસ્થાના અથવા માતાપિતાની તાલીમ અને માહિતી કેન્દ્રના અથવા સ્ટેટના સમુદાયના માતાપિતાના સંસાધન કેન્દ્રના કરાર હેઠળ હોય **અને**
2. જે મધ્યસ્થતાની પ્રક્રિયાનો ઉપયોગ કરવાના ફાયદાઓ વર્ણવે અને પ્રોત્સાહન આપે.

સ્ટેટ પાસે એવા લોકોની એક યાદી હોવી જોઇએ જે યોગ્ય મધ્યસ્થીઓ હોય અને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઇ સંબંધી કાયદાઓ અને નિયમો જાણતા હોય. નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ દ્વારા મધ્યસ્થીઓની પસંદગી આડાઅવળી, વારાફરતી અથવા અન્ય નિષ્પક્ષ રીતે કરવામાં આવવી જોઇએ.

મધ્યસ્થતાની પ્રક્રિયાના ખર્ચ માટે સ્ટેટ જવાબદાર છે, જેમાં બેઠકોનો ખર્ચ સમાવિષ્ટ છે.

મધ્યસ્થતાની પ્રક્રિયાની પ્રત્યેક બેઠક સમયસર રીતે અને તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ માટે અનુકૂળ હોય તેવા સ્થળ પર યોજવામાં આવવી જોઇએ.

જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થતાની પ્રક્રિયા દ્વારા વિવાદનો ઉકેલ લાવો તો, બન્ને પક્ષોએ એક એવા કાયદાકીય રીતે બંધનકર્તા કરારમાં દાખલ થવાનું રેહેશે જે આગળ આ ઉકેલને નિર્ધારિત કરે અને જે:

1. એવું દર્શાવે કે મધ્યસ્થતાની પ્રક્રિયા દરમિયાન કરવામાં આવેલી બધી ચર્ચાઓ ગોપનીય રહેશે અને જરૂરી પ્રક્રિયાની કોઇ પેટા સુનાવણીમાં અથવા દીવાની કાર્યવાહીઓમાં તેનો પુરાવા રૂપે ઉપયોગ કરવામાં આવશે નહીં **અને**
2. તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટને બંધનકર્તા બનાવવાની સત્તા હોય તેવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટના પ્રતિનિધિ બન્ને દ્વારા સહી કરવામાં આવી હોય.

એક લેખિત અને સહી કરેલો મધ્યસ્થતાનો કરાર સક્ષમ અધિકારક્ષેત્રની કોઇપણ સ્ટેટ કોર્ટ (એવી કોર્ટ જેની પાસે સ્ટેટના કાયદા હેઠળ આ પ્રકારના કેસની સુનાવણી કરવાની સત્તા હોય)માં અથવા યુનાઇટેડ સ્ટેટ્સની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લાગુ કરવાને યોગ્ય છે.

મધ્યસ્થતાની પ્રક્રિયા દરમિયાન કરવામાં આવેલી ચર્ચાઓ ગોપનીય હોવી જોઈએ. જરૂરી પ્રક્રિયાની ભવિષ્યની કોઇપણ સુનાવણી અથવા IDEA ના ભાગ B હેઠળ સહાય મેળવતા સ્ટેટની કોઇપણ ફેડરલ કોર્ટ અથવા સ્ટેટ કોર્ટની દીવાની કાર્યવાહીમાં તેનો પુરાવા રૂપે ઉપયોગ કરી શકાય નહીં.

**મધ્યસ્થીની નિષ્પક્ષતા**

મધ્યસ્થી:

1. તમારા બાળકના શિક્ષણ અથવા સંભાળમાં સામેલ હોય તેવા નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટના કર્મચારી ના હોય શકે નહીં **અને**
2. મધ્યસ્થીની તટસ્થતા સાથે સંઘર્ષો થાય તેવું વ્યક્તિગત અથવા વ્યાવસાયિક હિત હોવું જોઇએ નહીં.

અન્યથા એક મધ્યસ્થી રૂપે યોગ્યતા ધરાવતી વ્યક્તિ ફક્ત એટલા માટે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા સ્ટેટ એજન્સીનો એક કર્મચારી હોતો નથી કે તેને અથવા તેણીને એજન્સી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા ચુકવણી કરવામાં આવી હોય.

## જરૂરી પ્રક્રિયાની ફરિયાદ અને સુનાવણી બાકી હોય તે દરમિયાન બાળકની નિયુક્તિ

***અસમર્થતા ધરાવતા બાળકોને શિસ્તતા આપવાની પ્રક્રિયાઓના*** મથાળા હેઠળ નીચે આપવામાં આવ્યા સિવાય, બાકી પ્રક્રિયાની ફરિયાદ અન્ય પક્ષને મોકલી દીધા પછી ઠરાવ પ્રક્રિયાના સમયગાળા દરમિયાન અને જરૂરી પ્રક્રિયાની કોઇ નિષ્પક્ષ સુનાવણી અથવા કોર્ટની કાર્યવાહી માટે પ્રતિક્ષા કરતી વખતે જ્યાં સુધી તમે અને સ્ટેટ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અન્ય રીતે સહમત ના થાવ ત્યાં સુધી તમારૂં બાળક તેના અથવા તેણીના વર્તમાન શૈક્ષણિક નિયુક્તિ હેઠળ જ રહેવું આવશ્યક છે.

જો પબ્લિક સ્કૂલમાં પ્રારંભિક પ્રવેશ માટે બાકી પ્રક્રિયાની ફરિયાદમાં કોઈ એપ્લિકેશન શામેલ હોય, તો જ્યાં સુધી આવી બધી પ્રક્રિયાઓ પૂર્ણ ન થાય, ત્યાર સુધી તમારી અનુમતિ સાથે તમારા બાળકને સામાન્ય પબ્લિક સ્કૂલ પ્રગ્રામમાં મુકવાનું રહેશે.

જો બાકી પ્રક્રિયાની ફરિયાદમાં કોઈ બાળક માટે IDEA નાં ભાગ બી હેઠળ મૂળભૂત સેવાઓ માટે આવેદન સમાવિષ્ટ હોય, જે IDEA નાં ભાગ સી માંથી IDEA નાં ભાગ બી માં સ્થાનાંતરિત થઈ રહ્યું હોય અને જે બાળક ત્રણ વર્ષનું થઈ જવાને કારણે ભાગ સી માટે હવે યોગ્ય રહ્યું ન હોય, તો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ તે બાળકને મળનારી ભાગ સી ની સેવાઓ આપવાની આવશ્યકતા નથી. જો બાળક IDEA નાં ભાગ બી હેઠળ યોગ્ય હોય અને તમે પહેલી વાર બાળકને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવી આવશ્યક છે, જે વિવાદમાં સમાવિષ્ટ નથી. (જેના પર તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બંને સહમત હોવ).

## ઠરાવની પ્રક્રિયા

**સમાધાન બેઠક**

તમારી બાકી પ્રક્રિયા ફરિયાદની નોટીસ મળ્યાનાં 15 કેલેન્ડર દિવસોમાં અને બાકી પ્રક્રિયાની હિયરિંગનાં આરંભ પહેલા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ તમારી અને સંબંધિત સદસ્યો અથવા વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ટીમનાં સદસ્યોની સાથે એક બેઠક બોલાવવી જોઈએ, જે તમારી બાકી પ્રક્રિયા ફરિયાદમાં જ્ઞાત તથ્યોનું વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે. બેઠકમાં:

1. સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં પ્રતિનિધિ સામેલ થવા જ જોઈએ, જેમની પાસે સ્કૂલ ડિસ્ટ્રિક્ટવતી નિર્ણય કરવાનાં અધિકાર હોય; અને
2. સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં વકીલને શામેલ કરી શકાય નહીં, સિવાય કે તમે વકીલની સાથે ઉપસ્થિત હોવ.

બેઠકમાં ભાગ લેવા માટે તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ IEP ટીમનાં સંબંધિત સદસ્યોનું નિર્ધારણ કરશો.

બેઠકનો ઉદ્દેશ તમારી બાકી પ્રક્રિયા ફરિયાદ વિશે અને ફરિયાદનાં આધારે બનેલા તથ્યો પર તમારા માટે ચર્ચા કરવી, જેથી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ પાસે વિવાદનાં સમાધાન માટે અવસર મળી રહે.

સમાધાન બેઠકની આવશ્યકતા નથી, જો:

1. તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ લિખિતપણે બેઠકને સ્થગિત કરવા માટે સહમત હોવ **<u>અથવા</u>**
2. તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થતા નો ઉપયોગ કરવા માટે સહમત હોવ, જેમ કે ***મધ્યસ્થતા*** શીર્ષક હેઠળ વર્ણિત છે.

**સમાધન અવધિ**

બાકી પ્રક્રિયા ફરિયાદનાં પ્રાપ્ત થયાનાં 30 કેલેન્ડર દિવસોમાં જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બાકી પ્રક્રિયા ફરિયાદનું (ઠરાવ પ્રક્રિયા માટેનાં સમયગાળા દરમ્યાન) આપને સંતોશજનક થાય તેવું સમાધન ન લાવે, તો બાકી પ્રક્રિયા સુનાવણી થઈ શકે છે.

અંતિમ નિર્ણય આપવા માટે 45 કેલેંડર દિવસની સમયસીમા સમાધાન અવધિના 30 કેલેંડર દિવસની સમાપ્તિ સાથે શરૂ થાય છે, 30 કેલેંડર દિવસની સમાધાન અવધિમાં કરેલ સમાધાનના કેટલાક અપવાદો સાથે નીચે વર્ણિત છે.

સિવાય કે તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સમાધાન પ્રક્રિયાને છોડવા અથવા મધ્યસ્થતાનો ઉપયોગ કરવા માટે સહમત ન થાવ, તો જ્યાં સુધી તમે બેઠકમાં ભાગ લેવા માટે સહમત ન થાવ, ત્યાં સુધી સમાધાન બેઠકમાં ભાગ લેવાની તમારી નિષ્ફળતાથી સમાધાન પ્રક્રિયા અને બાકી પ્રક્રિયા ફરિયાદ માટેની સમયસીમામાં પણ વિલંબ થશે.

જો યોગ્ય પ્રયત્નો કર્યા પછી અને એ પ્રયત્નોનું દસ્તાવેજીકરણ કર્યા પછી, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સમાધાન બેઠકમાં તમારી ભાગીદારી પ્રાપ્ત કરવામાં સફળ ન થાય, તો 30 કેલેંડર દિવસની સમાધાન અવધિનાં અંતે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તમારી બાકી પ્રક્રિયા સુનાવણી અધિકારીને ફરિયાદ રદ્દ કરવાનો અનુરોધ કરી શકે છે. પારસ્પરિક રીતે સહમતિની વ્યવસ્થા માટેના આવા પ્રયત્નોનાં દસ્તાવેજીકરણમાં સમય અને સ્થળ સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં પ્રયાસના રેકોર્ડ શામેલ હોવા જોઈએ. જેમ કે:

1. ટેલિફોન પરની વાતચીત અથવા વાતચીતના પ્રયત્નોનો વિગતવાર રેકોર્ડ અને તે ફોનના પરિણામો;
2. તમારી સાથે કરેલ પત્રવ્યવહારની અને પ્રાપ્ત પ્રતિસાદની નકલો અને
3. તમારા ઘર અથવા રોજગારનાં સ્થળની મુલાકાતનાં વિસ્તૃત રેકોર્ડ અને તે મુલાકાતોનાં પરિણામો.

જો તમારી બાકી પ્રક્રિયા ફરિયાદની પ્રાપ્ત થયેલ નોટિસનાં 15 કેલેંડર દિવસમાં સમાધાન બેઠક કરવામાં <u>**અથવા**</u> સમાધાન બેઠકમાં ઉપસ્થિત રહેવામાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટ વિફળ જાય, તો તમે સુનાવણી અધિકારીને નિવેદન કરી શકો છો કે 45 કેલેંડર દિવસોમાં બાકી પ્રક્રિયા સુનાવણીની સમયસીમા આરંભ કરવા આદેશ કરે.

**30 કેલેંડર દિવસની સમાધાન અવધિની ગોઠવણો**

લિખિતપણે જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સમાધાન બેઠક નિરસ્ત કરવા માટે સહમત હોવ, તો બાકી પ્રક્રિયા સુનાવણી માટે 45 કેલેંડર દિવસની સમયસીમા આગલા દિવસથી આરંભ થાય છે.

મધ્યસ્થ અથવા સમાધાન બેઠકનાં આરંભ પછી અને 30 કેલેન્ડર દિવસની ઠરાવ અવધિની સમાપ્તિ પહેલા જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ લિખિકરૂપે સહમત થાવ છો કે કરાર શક્ય નથી, તો બાકી પ્રકિયાની સુનાવણી માટે 45 કેલેન્ડર દિવસીય સમયસીમા આગલા દિવસથી આરંભ થાય છે.

જો મધ્યસ્થ પ્રક્રિયાનો ઉપયોગ કરવા માટે તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સહમત થાવ છો, તો 30 કેલેન્ડર દિવસીય ઠરાવ અવધિનાં અંતે બંને પક્ષો મધ્યસ્થીને લખવાનું ચાલુ રાખી શકે છે, જ્યાં સુધી કરાર ન બની જાય. પણ જો તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થ પ્રક્રિયામાંથી બહાર નીકળી જાય, તો બાકી પ્રક્રિયા સુનાવણી માટે 45 દિવસીય સમયસીમા આગલા દિવસ આરંભ થાય છે.

**લેખિત સમાધાન કરાર**

જો સમાધાન બેઠકમાં વિવાદનું સમાધાન મળે છે, તો તમારે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ વૈધાનિક બંધનકર્તા કરાર કરવો પડશે, જે આ છે:

1. તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં પ્રતિનિધિ દ્વારા હસ્તાક્ષર કરેલ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટને અનુબંધિત કરવા માટે જેમની પાસે અધિકાર છે <u>**અને**</u>
2. સક્ષમ ક્ષેત્રાધિકારનાં કોઈ પણ રાજ્ય ન્યાયાલયમાં (એક રાજ્ય ન્યાયાલય, જેની પાસે આ પ્રકારનાં વિષયોની સુનાવણીનો અધિકાર છે) અથવા સંયુયક્ત રાજ્યનાં જિલ્લા ન્યાયાલયમાં લાગૂ કરવા યોગ્ય.

**કરાર સમીક્ષા અવધિ**

સમાધાન બેઠકનાં પરિણામરૂપે જો તમે અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ કોઈ કરાર કરો છો, તો 3 કાર્ય દિવસોની અંદર કોઈપણ પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) કરારનો અસ્વીકાર કરી શકે છે, જે કરાર પર તમારા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા હસ્તાક્ષર થયા છે.

## બાકી પ્રક્રિયા ફરિયાદની સુનાવણીઓ

## બાકી પ્રક્રિયા સુનાવણીની મધ્યસ્થતા

**સામાન્ય**

જ્યારે બાકી પ્રક્રિયા ફરિયાદ કરવામાં આવે છે, ત્યારે વિવાદમાં શામેલ તમારી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ પાસે નિષ્પક્ષ બાકી પ્રક્રિયા સુનાવણી માટે અવસર હોવો આવશ્યક છે, જેમ ***બાકી પ્રક્રિયા ફરિયાદ*** અને ***સમાધાન પ્રક્રિયા વિભાગોમાં*** વર્ણવાયું છે.

**નિષ્પક્ષ સુનાવણી અધિકારી**

ઓછામાં ઓછું, સુનાવણી અધિકારી:

1. તે નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ નો કર્મચારી ન હોવો જોઈએ, જે બાળકનાં શિક્ષણ અને દેખભાળમાં શામેલ હોય. જો કે એ વ્યક્તિ માત્ર એજન્સીનો કર્મચારી નથી, કારણ કે એજન્સી દ્વારા સુનાવણી અધિકારી તરીકે કામ કરવા માટે તેને/તેણીને પારિશ્રમિક આપવામાં આવે છે;

2. તેનું કોઈ વ્યક્તિગત અથવા વ્યાવસાયિક હિત ન હોવું જોઈએ, જે સુનાવણીમાં સુનાવણી અધિકારીની નિષ્પક્ષતાની સાથે વિરોધાભાસી હોય;
3. તે જાણકાર હોવો જોઈએ અને IDEA નાં પ્રાવધાનોને સમજતો હોવો જોઈએ, અને સંઘીય અને રાજ્ય ન્યાયાલયો દ્વારા IDEA ની વૈધાનિક વ્યાખ્યા સમજવો જોઈએ **અને**
4. તેમનામાં સુનાવણી કરવાનું જ્ઞાન અને ક્ષમતા હોય, નિર્ણયો લઈ શકે અને લખી શકે, નિશ્ચિતતા સાથે સંગતતા હોય, યોગ્ય વૈધાનિક અભ્યાસ કર્યો હોય.

નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ પાસે એવા લોકોની સૂચી હોય, જે સુનાવણી અધિકારી તરીકે સેવા આપે છે, જેમાં પ્રત્યેક સુનાવણી અધિકારીની યોગ્યતાનું વિવરણ સમાવિષ્ટ થાય છે.

**બાકી પ્રક્રિયા સુનાવણીની વિષયવસ્તુ**

પક્ષ, જે બાકી પ્રક્રિયા સુનાવણીનો અનુરોધ કરે છે, તે બાકી પ્રક્રિયા સુનાવણીમાં એ મુદ્દાઓ ઉઠાવી શકે નહીં, જેમને બાકી પ્રક્રિયા ફરિયાદમાં સંબોધિત ન કર્યા હોય, જ્યાં સુધી બીજો પક્ષ સહમત ન હોય.

**સુનાવણીની વિનંતી માટે સમયસીમા**

તારીખનાં બે વર્ષની અંદર બાકી પ્રક્રિયા ફરિયાદ પર તમારે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ નિષ્પક્ષ સુનાવણી માટે વિનંતી કરવી જોઈએ. તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રક્ટ ફરિયાદમાં ઉલ્લિખિત સમસ્યા વિષે જાણતા હોય અથવા જાણતા હોવા જોઈએ

**સમયસીમા માટે અપવાદો**

જો તમે નિમ્ન કારણથી બાકી પ્રક્રિયા ફરિયાદ ન કરી શક્યા હોવ, તો ઉક્ત સમયસીમા તમારા માટે લાગુ પડતી નથી:

1. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ વિશેષરૂપે અયોગ્યરીતે પ્રસ્તુત કર્યું છે કે તેમને એ સમસ્યા અથવા વિવાદનું સમાધાન કરી લીધું છે, જે તમે ફરિયાદમાં ઉઠાવી રહ્યા છો; **અથવા**
2. જે જાણકારી IDEA નાં ભાગ B હેઠળ તમને આપવી આવશ્યક હતી, તે જાણકારી સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ તમને જણાવતા રોકી લીધી હતી.

## સુનાવણીના અધિકારો

**સામાન્ય**

બાકી પ્રક્રિયા સુનાવણી (શિસ્તબદ્ધ પ્રક્રિયાઓ સંબંધિત સુનાવણી સહિત) માટે કોઈપણ પક્ષ પાસે નિમ્ન અધિકારો છે:

1. વકીલ સાથે અથવા વકીલ દ્વારા સલાહ પ્રાપ્ત કરેલ અને/અથવા વિકલાંગ બાળકોની સમસ્યા સંબંધિત પ્રશિક્ષણ પ્રાપ્ત કરેલ અથવા વિશિષ્ટ જ્ઞાન ધરાવતા વ્યક્તિને સાથે રાખો;
2. તથ્યો ઉપસ્થાપિત કરીને સામનો કરો, અને સાક્ષ્યની ઉપસ્થિતિ આવશ્યક છે;
3. સુનાવણીનાં કમ સે કમ પાંચ કાર્યદિવસ પહેલા એ પક્ષને પ્રકટ ન કરેલ કોઈપણ સાક્ષ્યને પ્રસ્તુત કરવાનું રોકો;
4. લિખિતરૂપે અથવા ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં, તમારા વિકલ્પ અનુસાર શબ્દશઃ સુનાવણી રેકોર્ડ મેળવો; **અને**
5. તથ્યોનાં અને નિર્ણયોનાં નિષ્કર્ષોને લેખિતમાં અથવા તમારી અનુકૂળતા પ્રમાણે ઇલેક્ટ્રોનિક ફોર્મેટમાં પ્રાપ્ત કરો.

**જાણકારીનું અતિરિક્ત પ્રગટિકરણ**

બાકી પ્રક્રિયા સુનાવણીનાં ઓછામાં ઓછા પાંચ કાર્ય દિવસ પહેલા, એ તારીખ સુધી પૂર્ણ થયેલ બધા મૂલ્યાંકનો અને એ મૂલ્યાંકનો પર આધારિત પરામર્શોને એક બીજા સામે ઉદ્ઘાટિત કરો, જેનો તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સુનાવણીમાં ઉપયોગ કરવા ઇચ્છો છો.

આ આવશ્યકતાની પૂર્તિ ન કરીને કોઈ પણ પક્ષ બીજા પક્ષની સહમતિ વિના સુનાવણીમાં પ્રાસંગિત મૂલ્યાંકન અથવા પરામર્શોને ઉપસ્થાપિત કરે, તો સુનાવણી અધિકારી કોઈપણ પક્ષને રોકી શકે છે.

**સુનાવણી સમયે અભિભાવકોનાં અધિકારો**

તમને અધિકાર મળવો જ જોઈએ, કે તમે:

1. તમારા બાળકને પ્રસ્તુત કરી શકો;
2. જનતા માટે સુનાવણી ઉદ્ઘાટિત કરી શકો; **અને**
3. નિઃશુલ્કપણે તમને આપેલા સુનાવણીનાં રેકોર્ડ, તથ્યોનાં નિષ્કર્ષો અને નિર્ણયો રાખી શકો.

## સુનાવણીના નિર્ણયો

**સુનાવણી અધિકારીનો નિર્ણય**

તમારા બાળકને નિઃશુલ્ક ઉપયુક્ત સાર્વજનિક શિક્ષણ (FAPE) મળે કે નહીં, આની પરનો સુનાવણી અધિકારીનો નિર્ણય વાસ્તવિકતા પર આધારિત હશે.

પ્રક્રિયાત્મક ઉલ્લંઘનનો આરોપ કરતા વિષયોમાં સુનાવણી અધિકારી એ જાણી શકે છે કે, માત્ર પ્રક્રિયાત્મક અપર્યાપ્તતાઓને કારણે તમારા બાળકને FAPE મળી શક્યું નહીં:

1. નિઃશુલ્ક ઉપયુક્ત સાર્વજનિક શિક્ષણ (FAPE);
2. તમારા બાળકનાં નિઃશુલ્ક ઉપયુક્ત સાર્વજનિક શિક્ષણ (FAPE) નાં પ્રાવધાનને સંબંધિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં તમારા અવસરમાં નોંધપાત્ર હસ્તક્ષેપ કરવામાં આવ્યો; **અથવા**
3. શૈક્ષણિક લાભથી વંચિત રાખવાનું કારણ બન્યું.

**નિર્માણ ધારા**

ઉપર વર્ણિત કોઈ પણ પ્રાવધાનની વ્યાખ્યા કોઈ સુનાવણી અધિકારીને IDEA (34 CFR §§300.500 થી 300.536) નાં ભાગ બી હેઠળ સંઘીય નિયમોનાં પ્રક્રિયાત્મક સુરક્ષા ઉપાયોનાં વિભાગોમાં આવશ્યકતાનું પાલન કરવા માટે સ્કૂલ ડિસ્ટ્રિક્ટને આદેશ કરવાથી રોકી શકે નહીં.

**બાકી પ્રક્રિયા સુનાવણી માટે અલગ વિનંતી**

IDEA (34 CFR §§300.500 through 300.536) નાં ભાગ બી હેઠળ સંઘીય વિનિયમોની પ્રક્રિયાત્મક સુરક્ષા પગલાનાં વિભાગમાં એવું કોઈ પણ અર્થઘટન કરી શકાતું નથી, જેથી તમને પહેલાથી દાખલ કરેલ બાકી પ્રક્રિયા ફરિયાદથી અલગ કોઈ મુદ્દા પર એક અલગ બાકી પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવાથી રોકી શકે.

**પરામર્શ પીઠ અને સામાન્ય જનતા માટે નિષ્કર્ષો અને નિર્ણય**

કોઈ વ્યક્તિગત પરિચયાત્મક સૂચનાને હટાવતા પહેલા નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ (તમારી સુનાવણી માટે જે કોઈપણ ઉત્તરદાયી હતા) અવશ્ય કરે:

1. નિષ્કર્ષો અને નિર્ણયોને બાકી પ્રક્રિયા સુનાવણીમાં આપો અથવા રાજ્ય વિશિષ્ટ શિક્ષણ પરામર્શક પીઠને નિવેદન કરો; **અને**
2. સાર્વજનિકપણે એ નિષ્કર્ષો અને નિર્ણયોને ઉપલબ્ધ કરાવો.

# વિનંતીઓ

## નિર્ણયની અન્તિમતા; વિનંતી; મધ્યસ્થતા સમીક્ષા

**સુનાવણી નિર્ણયનો ચુકાદો**

બાકી પ્રક્રિયા સુનાવણીમાં (અનુશાસનાત્મક પ્રક્રિયાઓથી સંબંધિત સુનાવણીઓ સહિત) કરેલ નિર્ણય અંતિમ હોય છે, સિવાય કે સુનાવણીમાં શામેલ કોઈ પણ પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) નાગરિક કાર્યવાહી કરીને નિર્ણયની અપીલ કરે. જેમ કે નીચે વર્ણવ્યું છે.

## સમયસીમા અને સુનાવણીઓની સુવિધા અને સમીક્ષા

નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે, સમાધાન બેઠકો માટે 30 કેલેંડર દિવસની અવધિની સમાપ્તિ પછી 45 કેલેંડર દિવસો પછી **અથવા**, સુનાવણી સમાયોજન હેઠલ ઉપશીર્ષકમાં વર્ણિત 30 કેલેંડર દિવસની સમાધાન અવધિ, ***સમાયોજિત સમય અવધિની*** સમાપ્તિ પછી 45 કેલેંડર દિવસો પછી નહીં:

1. સુનાવણીમાં અન્તિમ નિર્ણય થાય; **અને**
2. નિર્ણયની કોપી પ્રત્યેક પક્ષોને પત્ર દ્વારા મોકલવામાં આવે છે.

સુનાવણી અધિકારી કોઈપણ પક્ષની વિનંતિનાં આધારે ઉપર વર્ણવેલ 45 કેલેંડેર દિવસની સમય અવધિ કરતા નિશ્ચિત સમય વધારવા અનુમતિ આપી શકે છે.

પ્રત્યેક સુનાવણી એવા સમયે અને એવા સ્થાને આયોજિત કરવી જોઈએ, જે તમને અને તમારા બાળક માટે યોગ્યરીતે સુવિધાજનક હોય.

## નાગરિક કાર્યવાહીઓ, જેમાં એ કાર્યવાહીઓ ફાઈલ કરવા માટે સમયસીમા સમાવિષ્ટ થાય છે

**34 CFR §300.516**

**સામાન્ય**

કોઈ પણ પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ), જે બાકી પ્રક્રિયા સુનાવણીમાં નિષ્કર્ષો અને નિર્ણય સાથે સહમત નથી (અનુશાસનાત્મક પ્રક્રિયા સંબંધિત સુનાવણી સહિત), તેને એ વિષય સંબંધિત એક નાગરિક કાર્યવાહી કરવાનો અધિકાર પ્રાપ્ત છે, જે બાકી પ્રક્રિયા સુનાવણીનો વિષય હતો. વિવાદમાં રકમની ચિંતા કર્યા વિના સક્ષમ ક્ષેત્રાધિકારનાં રાજ્ય ન્યાયાલયમાં (આ પ્રકારનાં કેસ સાંભળવા માટે જે રાજ્ય ન્યાયાલય પાસે અધિકાર છે) અથવા યુનાઈટેડ સ્ટેટ્સ્ ના જિલ્લા ન્યાયાલયમાં કાર્યવાહી લઈ જઈ શકાય છે.

**સમયસીમા**

કાર્યવાહી કરાવનાર પક્ષ (તમે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ) પાસે નાગરિક કાર્યવાહી ફાઈલ કરવા માટે સુનાવણી અધિકારીનાં નિર્ણયનાં દિવસથી 90 કેલેંડર દિવસનો સમય છે.

**અતિરિક્ત પ્રક્રિયાઓ**

કોઈપણ નાગરિક કાર્યવાહીમાં, ન્યાયાલય:

1. પ્રબંધકીય પ્રક્રિયાઓનાં રેકોર્ડ્સ મેળવે છે;
2. તમારી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટની વિનંતીનાં આધારે અતિરિક્ત સાક્ષ્યને સાંભળે છે; **અને**

3. સાક્ષ્યની પ્રબળતાનાં આધારે પોતાનો નિર્ણય લે છે અને રાહત આપે છે, જેને ન્યાયાલય યોગ્ય થવા માટે નિર્ધારિત કરે છે.

**જિલ્લા ન્યાયાલયોનું અધિકારક્ષેત્ર**

યુનાઈટેડ સ્ટેટ્સ્ નાં જિલા ન્યાયાલયો પાસે અધિકાર છે કે વિવાદમાં રકમની ચિંતા કર્યા વિના IDEA નાં ભાગ બી હેઠળ કાર્યવાહી કરે.

**નિર્માણનો પ્રકાર**

IDEA નાં ભાગ બી માં એવું કશું નથી, જે યુ.એસ. સંવિધાનમાં અમેરિકન્સ વિથ ડિસેબિલિટિ એક્ટ - 1990, રીહબિલિટેશન નાં V શીર્ષક (Title V) - 1973 (વિભાગ 504) અથવા બાળકોનાં અધિકારોની રક્ષા કરતા સંઘીય નિયમો હેઠળ ઉપલબ્ધ અધિકારો, પ્રક્રિયાઓ, પગલાઓ પર પ્રતિબંધ મુકે અથવા સીમિત કરે, સિવાય કે રાહત મેળવવા માટે આ નિયમો હેઠળ નાગરિક કાર્યવાહીની ફાઈલિંગ કરતા પહેલા, તે IDEA નાં ભાગ બી હેઠળ પણ ઉપલબ્ધ હોય, જો IDEA નાં ભાગ બી હેઠળ પક્ષે કાર્યવાહી ફાઈલ કરી હોય, તો જેટલી આવશ્યકતા હોય, એટલી હદમાં ઉપર વર્ણવેલ બાકી પ્રક્રિયાની પ્રક્રિયાઓ સમાપ્ત થવી જ જોઈએ. આનો અર્થ એ છે કે, તમારી પાસે અન્ય કાયદાઓ હેઠળ પગલાં ઉપલબ્ધ હોઈ શકે છે, જે IDEA હેઠળ ઉપલબ્ધ નિયમોને અતિક્રમિત કરે, પરંતુ સામાન્ય રીતે, તે અન્ય કાયદાઓ હેઠળ રાહત મેળવવા માટે, સીધા ન્યાયાલય જતાં પહેલા તમારે પહેલા IDEA (એટલે કે બાકી પ્રક્રિયા ફરિયાદ, સમાધાન બેઠક, નિષ્પક્ષ બાકી પ્રક્રિયા સુનાવણીની કાર્યપ્રણાલી) હેઠળ ઉપલબ્ધ પ્રશાસનિક પગલાંનો ઉપયોગ કરવો આવશ્યક છે.

## વકીલોની ફી

**સામાન્ય**

IDEA ના ભાગ બી હેઠળ લાવવામાં આવેલી કોઈપણ પ્રક્રિયા અથવા કાર્યવાહીમાં, જો તમે જીત મેળવશો, તો કોર્ટ, તેની વિવેકબુદ્ધિ અનુસાર, તમને ખર્ચના ભાગ રૂપે વાજબી વકીલ-ફી આપી શકે છે.

IDEA ના ભાગ બી હેઠળ લાવવામાં આવેલી કોઈપણ પ્રક્રિયા અથવા કાર્યવાહીમાં, ન્યાયાલય પોતાનાં વિવેકાનુસાર પ્રવર્તમાન રાજ્ય શૈક્ષણિક એજન્સી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટને વકીલની યોગ્ય ફી વ્યયનાં ભાગ રૂપે આપી શકે છે, જેની ચૂકવણી તમારા વકીલ દ્વારા કરવામાં આવશે, જો વકીલે: (a) એવી ફરિયાદ અથવા કોર્ટ કેસ દાખલ કરેલ છે, જેને ન્યાયાલયે તુચ્છ, અનુચિત અથવા આધારહીન ઠરાવ્યો છે; <u>અથવા</u> (b) મુકદમો સ્પષ્ટ રૂપે તુચ્છ, અનુચિત અથવા આધારહિન હોવા છતાં પણ મુકદમેબાજી ચાલી રાખી; <u>અથવા</u>

IDEA ના ભાગ બી હેઠળ લાવવામાં આવેલી કોઈપણ પ્રક્રિયા અથવા કાર્યવાહીમાં, ન્યાયાલય પોતાનાં વિવેકાનુસાર પ્રવર્તમાન રાજ્ય શૈક્ષણિક એજન્સી અથવા સ્કૂસ્કૂલ ડિસ્ટ્રિક્ટ ને વકીલની યોગ્ય ફી વ્યયનાં ભાગ રૂપે આપી શકે છે, જેની ચૂકવણી તમારા અથવા તમારા વકીલ દ્વારા થશે, જો બાકી પ્રક્રિયા સુનવાણી અથવા પછી કરેલ કોર્ટ કેસ માટેની વિનંતી કોઈ અયોગ્ય ઉદ્દેશ માટે કરેલ હતી, જેમ કે - ઉત્પીડન માટે, અનાવશ્ય વિલંબ કરાવવા, અનાવશ્યક રીતે કાર્યવાહી અથવા પ્રક્રિયાનીં કિંમત વધારાવ માટે, તો.

**શુલ્ક આપવું**

નિમ્ન અનુસાર ન્યાયાલય એક યોગ્ય વકીલ ફી પુસ્કારરૂપે આપશે:

1. શુલ્ક એ સમુદાયોમાં પ્રચલિત ભાવનાં આધારે હોવું જોઈએ, જેમાં અપાયેલ સેવાના પ્રકાર અને ગુણવત્તા માટે કાર્યવાહી અથવા સુનાવણી કરાઈ. ફી આપવાની ગણનામાં બોનસ અથવા ગુણાંકનો ઉપયોગ કરી શકાય નહીં.

2. સમાધાનની ઓફર તમને લખ્યા પછી કરેલ સેવાઓ માટે IDEA નાં ભાગ બી હેઠળ કોઈ પ્રક્રિયા અથવા કાર્યવાહીમાં શુલ્ક આપવામાં નહીં આવે અથવા સંબદ્ધ ખર્ચની ભરપાઈ કરી શકાતી નથી. જો:

   a. ઓફરનું નિર્માણ નાગરીક પ્રક્રિયાનાં સંઘીય નિયમનાં 68 માં નિયમમાં વર્ણિત સમયમાં, અથવા બાકી પ્રક્રિયા સુનાવણીમાં અથવા રાજ્ય-સ્તરની સમીક્ષા કાળે અને કાર્યવાહીનાં આરંભ પહેલા 10 કેલેંડર દિવસમાં ગમે તે સમયે બનાવેલ હોય, તો;

   b. 10 કેલેંડર દિવસોમાં ઓફર સ્વીકારેલ ન હોય; **અને**

   c. ન્યાયાલય અથવા પ્રબંધકીય સુનાવણી અધિકારીને જાણ થાય છે કે તમને મળેલ અંતિમ રાહત સમાધાનની ઓફર કરતા તમારા માટે વધુ લાભદાયક નથી.

   આ પ્રતિબંધો હોવા છતાં, જો તમે જીત મેળવો છો અને તમે સમાધાન ઓફરને અસ્વીકાર કરવામાં મહદ્દંશે યોગ્ય ઠર્યા હોવ, તો વકીલની ફી અને સંબંધિત ખર્ચની ભરપાઈ તમને કરી શકાય છે.

3. વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ટીમની કોઈપણ બેઠકથી સંબંધિત શુલ્ક આપવામાં આવશે નહીં, જ્યાં સુધી બેઠક પ્રશાસનિક કાર્યવાહી અથવા ન્યાયાલયીય કાર્યવાહી નાં પરિણામસ્વરૂપ આયોજિત ન કરી હોય.

   મધ્યસ્થતા માટે શુલ્ક પણ આપવામાં આવશે નહીં, જેમ ***મધ્યસ્થતા*** શીર્ષક હેઠળ વર્ણવાયું છે.

   જેમ સમાધાન બેઠક શીર્ષક હેઠળ વર્ણવાયુ છે, ***સમાધાન બેઠકને***, પ્રશાસનીક સુનાવણી અથવા ન્યાયાલયીય કાર્યવાહીનાં પરિણામસ્વરૂપ બોલાયેલ માનવામાં આવશે નહીં, અને એ વકીલોનાં શુલ્કની જોગવાઈ માટે પ્રશાસનીક સુનાવણી અથવા ન્યાયલયીય કાર્યવાહી પણ માનવામાં આવશે નહીં.

જો ન્યાયાલયને યોગ્ય લાગે, તો એ IDEA નાં ભાગ બી હેઠળ આપવામાં આવતી વકીલની ફીની રકમ ઘટાડી શકે, જો ન્યાયાલયને એવું જણાય કે:

1. તમે અથવા તમારા વકીલ કાર્યવાહી અથવા પ્રક્રિયા સમયે અકારણ વિવાદનું અન્તિમ સમાધાન મોડું પાડી રહ્યા હતા;
2. અથવા અયોગ્ય રીતે આપવા માટે અધિકૃત વકીલોનાં શુલ્કની રકમ, સમાનરૂપે, સમાન કૌશલ, પ્રતિષ્ઠઆ અને અનુભવ વાળા વકીલો દ્વારા સમાન સેવાઓ માટે સમુદાયમાં પ્રચલિત પ્રતિ કલાકની દરથી વધું છે;
3. કાર્યવાહી અથવા કાર્યવાહીની પ્રકૃતિને જોતા વ્યતીત કરેલો સમય અને ન્યાયિક સેવાઓ અત્યધિક હતી; **અથવા**
4. આપનું પ્રતિનિધિત્વ કરનાર વકીલે બાકી પ્રક્રિયા ફરિયાદના શીર્ષક હેઠળ વર્ણવ્યા અનુસાર, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ને બાકી પ્રક્રિયા વિનંતી નોટીસમાં ***યોગ્ય માહિતી પ્રદાન કરી*** નથી.

જો કે, જો કોર્ટને એવું લાગે કે રાજ્ય કે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ કાર્યવાહીના અંતિમ ઠરાવને ગેરવાજબીરૂપે વિલંબ કર્યો છે અથવા IDEA ના ભાગ બીની કાર્યવાહીગત સલામતીની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે, તો કોર્ટ ફી ઘટાડશે નહીં.

જ્યારે અપંગ બાળકોને અનુશાસનમાં રખાય, ત્યારની પ્રક્રિયા

## સ્કૂલ કર્મચારીવર્ગની અધિકૃતતા

### કેસ-પ્રતિ-કેસ નિર્ધારણ

શાળાકીય આચારસંહિતાનું ઉલ્લંઘન કરનાર વિકલાંગ બાળક માટે પ્લેસમેન્ટમાં ફેરફાર કરવો તે યોગ્ય છે કે કેમ તે નક્કી કરતી વખતે, શાળાના કર્મચારી કોઈ પણ વિશિષ્ટ સંજોગોને કેસ-બાય-કેસ આધારે ધ્યાનમાં લઈ શકે છે, શિસ્તને લગતી નીચેની આવશ્યકતાઓને આધીન.

### સામાન્ય

સ્કૂલ કર્મચારી એક વિકલાંગ બાળકને દૂર કરી શકે છે, જે છાત્ર આચરણની સંહિતાનું ઉલ્લંઘન કરે અથવા તેની વર્તમાન પ્લેસમેન્ટથી એક ઉપયુક્ત અંતરિમ વૈક્લપિક શિક્ષણ સેટિંગ (જેનું નિર્ધારણ બાળકનાં નિજકૃત શિક્ષણ કાર્યક્રમ (IEP) ની ટીમ દ્વારા થાય), બીજી સેટિંગ અથવા નિલંબન માટે અમુક હદ સુધી તેઓ પણ સામાન્ય બાળકને માટે થતી કાર્યવાહી કરી શકે છે, **જે સતત 10 દિવસથી વધુ સ્કૂલનાં દિવસો સુધી ન હોય**. અલગ-અલગ અશિષ્ટની ઘટનાઓ માટે સમાન સ્કૂલ વર્ષમાં **સ્કૂલ કર્મચારી સતત 10 દિવસથી વધારે ન થાય,** તે રીતે અતિરિક્ત નિષ્કાસન પણ લાગવી શકે છે, જ્યાં સુધી નિષ્કાસનો પ્લેસમેન્ટમાં પરિવર્તન ન થાય (વ્યાખ્યા ***કરવા માટે અનુશાસનાત્મક નિષ્કાસનના કારણે*** પ્લેસમેન્ટ પરિવર્તન વિશે નીચે જુઓ).

એકવાર કોઈ વિકલાંગ બાળકને એક જ સ્કૂલ વર્ષમાં **કુલ 10 સ્કૂલ દિવસો માટે** તેનાં વર્તમાન પ્લેસમેન્ટથી હટાવવામાં આવે, તો સ્કૂલ વર્ષમાં નિષ્કાસનનાં પછીનાં કોઈપણે દિવસે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ ઉપશીર્ષક સેવાઓ હેઠળ નિમ્ન આવશ્યક સીમા સુધી *સેવાઓ પ્રદાન કરવી જોઈએ*.

### અતિરિક્ત અધિકાર

જો વિદ્યાર્થી આચાર સંહિતાનું ઉલ્લંઘન થાય તેવો વ્યવહાર બાળકની અપંગતાનું પ્રકટીકરણ (નીચે **પ્રકટીકરણ નિર્ધારણ દેખો**) ન કરે અને પ્લેસમેન્ટનું અનુશાસનાત્મક પરિવર્તન **સતત 10 સ્કૂલ દિવસોથી વધુ હોય,** તો સ્કૂલનાં કર્મચારી તેવી જ રીતે તે વિકલાંગ બાળકને માટે અનુશાસનાત્મક પ્રક્રિયાઓ અને એટલી જ અવધી માટે લાગુ કરી શકે છે, જે સામાન્ય બાળકો માટે હોય. તે સિવાય સ્કૂલે એ બાળકને સેવાઓ પ્રદાન કરવી જોઈએ, *જેવું કે નીચે **સેવાઓ** હેઠળ વર્ણિત છે*. બાળકની IEP ટીમ આવી સેવાઓ માટે અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગ નિર્ધારિત કરે છે.

### સેવાઓ

વિકલાંક બાળકને પ્રદાન થનારી સેવાઓ, જે બાળકનાં વર્તમાન પ્લેસમેન્ટથી હટાવી દેવાયા છે, તેમને અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગમાં પ્રદાન કરી શકાય છે.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ માત્ર એક વિકલાંગ બાળકને સેવાઓ પ્રદાન કરવાની આવશ્યકતા હોય છે, જેને એ સ્કૂલ વર્ષમાં **10 સ્કૂલ દિવસો અથવા એનાંથી ઓછા સમય માટે** પોતાનાં વર્તમાન પ્લેસમેન્ટથી હટાવી દેવાયો હોય, જો એ સામાન્ય બાળકને સેવાઓ પ્રદાન કરે છે, જેને આવી જ રીતે હટાવવામાં આવ્યો છે.

વિકલાંગ બાળક, જેને 10 સ્કૂલ દિવસોથી વધારે તેની **વર્તમાન પ્લેસમેન્ટથી હટાવાય** તે અવશ્ય:

1. ભલે એક અન્ય સેટિંગમાં પણ શૈક્ષણિક સેવાઓ મેળવવાનું ચાલુ રાખે, જેથી બાળકને સામાન્ય શિક્ષા પાઠ્યક્રમમાં ભાગ લેવા માટે યોગ્ય બનાવી શકાય, અને બાળકનાં IEP માં નિર્ધારિત લક્ષ્યોને મેળવવામાં પ્રગતિ થઈ શકે; **અને**
2. જેમ યોગ્ય હોય, એક કાર્યાત્મક વ્યવહારનું મૂલ્યાંકન, વ્યવહાર હસ્તક્ષેપ સેવાઓ અને સંશોધન મેળવો, જે વ્યવહાર ઉલ્લંઘનને સંભાળવા માટે ડિઝાઈન કરેલ હોય, જેથી આવું ફરી ન થાય.

વિકલાંગ બાળકને સમાન સ્કૂલ વર્ષમાં **10 સ્કૂલ દિવસો માટે** તેનાં અથવા તેણીનાં વર્તમાન પ્લેસમેન્ટથી નિષ્કાસિત કરી દેવામાં આવે **અને** જો વર્તમાન નિષ્કાસન સતત **10 સ્કૂલ દિવસો માટે અથવા તેથી ઓછું હોય અને જો નિષ્કાસન પ્લેસમેન્ટને બદલતું ન હોય** (નીચે વ્યાખ્યા જુઓ), **તો** બાળકનાં ઓછામાં ઓછા એક શિક્ષકનાં પરામર્શથી ભલે અન્ય સેટિંગમાં પણ સ્કૂલ કર્મચારી એ નિર્ધારિત કરે કે, બાળકને સામાન્ય શૈક્ષણિક પાઠ્યક્રમમાં ભાગ લેવા માટે અને બાળકનાં IEP માં નિર્ધારિત લક્ષ્યોને પૂર્ણ કરવાની દિશામાં પ્રગતિ કરવા માટે કઈ હદ સુધી સેવાઓની આવશ્યકતા છે.

જો નિષ્કાસન પ્લેસમેન્ટનું (નીચે વ્યાખ્યા જુઓ) પરિવર્તન કરે છે, તો ભલે બીજા સેટિંગમાં પણ બાળકની IEP ટીમ બાળકનું સામાન્ય શિક્ષણ પાઠ્યક્રમમાં ભાગ લેવાનું ચાલું રહે અને બાળકોનાં IEP માં નિર્ધારિત લક્ષ્યોને પૂર્ણ કરવાની દિશામાં આગળ વધવામાં યોગ્ય બને તે માટે ઉપયુક્ત સેવાનું નિર્ધારણ કરે છે.

**અભિવ્યક્તિ નિર્ધારણ**

વિદ્યાર્થી **આચારસંહિતાનાં (સિવાય કે નિષ્કાસન માટે જે સતત** 10 **અથવા એનાંથી ઓછા દિવસો માટે છે અને પ્લેસમેન્ટમાં પરિવર્તન નથી) ઉલ્લંઘનનાં કારણે** વિકલાંગ બાળકની પ્લેસમેન્ટ પરિવર્તનના કોઈપણ નિર્ણયથી 10 સ્કૂલ દિવસોમાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, **માતા-પિતા અને** IEP **ટીમનાં (જેમ માતા-પિતા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા નિર્ધારિત કરેલ છે) સંબંધિત** સદસ્યો એ વિદ્યાર્થીની ફાઈલની બધી પ્રાસંગિક જાણકારીની સમીક્ષા કરવી જોઈએ, જેમાં બાળકનું IEP, કોઈ શિક્ષકનું અવલોકન અને નિર્ધારિત કરવા માટે માતા-પિતાદ્વારા પ્રદત્ત કોઈ સંબંધ જાણકારીનો સમાવેશ થાય છે:

a. જો વિચારાધીન આચરણ બાળકની અક્ષમતાને કારણે થયું હોય, અથવા તેની સાથે બાળકની વિકલાંગતાનો સીધો અથવા પર્યાપ્ત સંબંધ હોય; **અથવા**

b. જો વિચારાધીન આચરણ બાળકનાં IEP ને લાગુ કરવામાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ની નિષ્ફતાનાં સીધા પરિણામે થયું.

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, માતા-પિતા અને બાળકની IEP ટીમનાં સંબંધિત સદસ્યો, એ નિર્ધારિત કરે છે કે, આમાંથી કોઈપણ શરત બંધ બેસે છે, તો આચરણને બાળકની વિકલાંગતાનું પ્રકટીકરણ માનવું જોઈએ.

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, માતા-પિતા અને IEP ટીમનાં સંબંધિત સદસ્યો એ નિર્ધારિત કરે છે કે, વિચારાધીન આચરણ IEP ને લાગુ કરવામાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં સીધા પરિણામે થયું, તો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તુરંત તે ઉણપોને દૂર કરવા માટે કાર્યવાહી કરે.

**એ નિર્ધારિત કરવું કે આચરણ બાળકની અક્ષમતાનાં પ્રકટીકરણરૂપે હતું**

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ, માતા-પિતા, અને IEP ટીમનાં સંબંધિત સદસ્યો એ નિર્ધારિત કરે કે, આચરણ બાળકની અક્ષમતાનું પ્રકટીકરણ હતું, તો IEP ટીમ અથવા તો:

1. જો આચરણ પહેલા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ કાર્યાત્મક આચરણ મૂલ્યાંકન અને બાળક માટે આચરણ પરિષ્કાર યોજનાને લાગુ ન કર્યું હોય, જેનું પરિણામ પ્લેસમેન્ટ પરિવર્તન આવ્યું, તો એક કાર્યાત્મક આચરણ મૂલ્યાંકનનું સંચાલન કરો; **અથવા**
2. જો આચરણ પરિષ્કાર યોજના પહેલેથી જ વિકસિત કરાઈ હોય, તો આચરણ પરિષ્કાર યોજનાની સમીક્ષા કરો અને આચરણને ધ્યાને રાખી તેમાં આવશ્યક પરિવર્તન કરો.

ઉપશીર્ષક ***વિશેષ પરિસ્થિતિઓ*** અંતર્ગત નીચે વર્ણવ્યા સિવાય સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ બાળકને એ પ્લેસમેન્ટ પર પાછો મોકલવો જોઈએ, જ્યાંથી એ બાળકને હટાવવામાં આવ્યો હતો. સિવાય કે માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ વ્યવહાર પરિષ્કાર યોજનાનાં પરિવર્તનનાં ભાગ રૂપે પ્લેસમેન્ટ પરિવર્તન માટે સમ્મત થાય.

**વિશેષ પરિસ્થિતિઓ**

બાળકની અક્ષમતાનાં પ્રકટીકરણનાં ભાગ રૂપે આચરણ હતું કે નહીં, પણ સ્કૂલ કર્મચારી વિદ્યાર્થીને અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગમાં (બાળકની IEP ટીમ દ્વારા નિર્ધારિત) 45 સ્કૂલ દિવસો સુધી હટાવી શકે છે, જો બાળક:

1. સ્કૂલમાં હથિયાર (નીચે વ્યાખ્યા જુઓ) લઈ જાય અથવા સ્કૂલમાં અથવા સ્કૂલ પરિસરમાં અથવા નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નાં અધિકારક્ષેત્રે હેઠળ ચાલતી શાળામાં તેની પાસે હથિયાર હોય, તો

2. જ્યારે સ્કૂલમાં, સ્કૂલ પરિસરમાં અથવા નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નાં અધિકારક્ષેત્રમાં ચાલતી સ્કૂલમાં જાણીને અવૈધ માદ્યપદાર્થ રાખે છે અથવા ઉપયોગ કરે છે (નીચે વ્યાખ્યામાં જુઓ), અથવા વેચે છે અથવા નિયન્ત્રિત પદાર્થનાં વિક્રયનો અનુરોધ કરે છે, (નીચે વ્યાખ્યામાં જુઓ); **અથવા**

3. સ્કૂલમાં, સ્કૂલ પરિસરમાં અથવા નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નાં અધિકારક્ષેત્રમાં ચાલતી સ્કૂલમાં કોઈ બીજા વ્યક્તિને ગંભીર શારીરક ઈજા (નીચે વ્યાખ્યા જુઓ) પહોંચાડી છે.

**વ્યાખ્યાઓ**

*નિયંત્રિત પદાર્થ* એટલે માદકદ્રવ્ય અથવા અન્ય બીજા પદાર્થો જે કન્ટ્રોલ્ડ સબ્ટેન્સિસ એક્ટ (21 યુ.એસ.સી. 812(c)) ના 202(c) ભાગમાં ધારા I, II, III, IV, અથવા V હેઠળ ઓળખાયેલ છે.

*અવૈધ માદકદ્રવ્ય* એટલે નિયન્ત્રિત પદાર્થ; પણ તેમાં વૈધાનિક રીતે પ્રક્રિયાપ્રાપ્તનો અને લાઈસન્સ્ડ હેલ્થ-કેર વ્યાવસાયિકો દ્વારા નિયન્ત્રિત હોય અથવા તે ધારા અથવા સંઘીય નિયમનાં કોઈ અન્ય પ્રાવધાન હેઠળ કોઈપણ અન્ય અધિકારી દ્વારા વૈધાનિક રીતે પ્રક્રિયાપ્રાપ્ત અને પ્રયુક્ત હોય, તેનો સમાવેશ થતો નથી.

*ગંભીર શારીરિક ઈજા* નો અર્થ યુનાઈટેડ સ્ટેટ્સ્ કોડ નાં શીર્ષક 18 નાં 1365 ધારાનાં (એચ) ઉપવિભાગનાં અનુચ્છેદ હેઠળ નિયમમાં અપયો છે, તે “ગંભીર શારીરિક ઈજા”.

*હથિયાર* નો અર્થ “ખતરનાક હથિયાર” યુનાઈટેડ સ્ટેટ્સ્ કોડ નાં શીર્ષક 18 ની ધારા 930 નાં પ્રથમ ઉપશીર્ષક (g) નાં અનુચ્છેદ (2) હેઠળ આપવામાં આવ્યો છે.

**ચેતવણી**

જે તારીખે નિષ્કાસનનો આ નિર્ણય લેવામાં આવે, જે વિદ્યાર્થી આચાર સંહિતાનાં ઉલ્લંઘનને કારણે બાળકનાં પ્લેસમેન્ટમાં પરિવર્તન થાય છે, ત્યારે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ નિર્ણયથી માતા-પિતાને અવગત કરાવવા જોઈએ અને માતા-પિતાને એક પ્રક્રિયાત્મક સુરક્ષા ઉપાયની નોટીસ આપવી જોઈએ.

## અનુશાસનાત્મક નિષ્કાસનના કારણે પ્લેસમેન્ટ પરિવર્તન

બાળકનાં વર્તમાન શૈક્ષણિક પ્લેસમેન્ટથી અપંગ બાળકનું નિષ્કાસન એ **પ્લેસમેન્ટનું પરિવર્તન છે, જો:**

1. નિષ્કાસન સતત 10 સ્કૂલ દિવસ કરતા વધારે માટે ; **અથવા**

2. બાળકનાં નિષ્કાસનની એક શૃંખલાનું નિર્માણ થયું હોય, જેનાથી એક પેટર્ન બની હોય, કારણ કે:
    a. સ્કૂલ વર્ષમાં કુલ 10 સ્કૂલ દિવસો કરતા વધારે નિષ્કાસનની શૃંખલા હોય;
    b. પહેલાની ઘટનામાં બાળકનું જેવું આચરણ હોય, તેવું જ હોય, જેનાં પરિણામે નિષ્કાસનની શૃંખલા બની;
    c. આવા અતિરિક્ત કારણોમાં પ્રત્યેક નિષ્કાસનની અવધિ, બાળકનાં નિષ્કાસનની કુલ માત્રા અને નિષ્કાસનની એક બીજાથી નીટકટતા; **અને**

શું નિષ્કાસનની પેટર્ન પ્લેસમેન્ટમાં પરિવર્તનનું નિર્માણ કરે છે કે નહીં એ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા કેસ-બાય-કેસ આધારે નિર્ધારિત થાય છે, અને જો પડકાર આપવામાં આવે, તો ઉચિત પ્રક્રિયા અને ન્યાયિક કાર્યવાહી નાં માધ્યમથી સમીક્ષાને અધીન છે.

## સેટિંગનું નિર્ધારણ

વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ટીમ પ્લેસમેન્ટનું પરિવર્તન **કરનાર નિષ્કાસનો**, સુનાવણી અતિરિક્ત પ્રાધિકરણ અને ***વિશેષ પરિસ્થિતિઓ હેઠળ નિષ્કાસનો*** માટે ***અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગનુંનિર્ધારિત કરે***.

## અપીલ

### સામાન્ય

જો તે અથવા તેણી નિમ્ન સાથે અસમ્મત હોય, તો બાકી પ્રક્રિયાની સુનાવણી માટે વિકલાંગ બાળકનાં માતા-પિતા બાકી પ્રક્રિયા ફરિયાદ (ઉપર જુઓ) ફાઈલ કરી શકે છે:

1. આ અનુશાસન પ્રાવધાનો હેઠળ કરેલ પ્લેસમેન્ટનાં સંબંધમાં કોઈપણ નિર્ણય; **અથવા**
2. ઉપરિ વર્ણિત અભિવ્યક્તિ નિર્ધારણ.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બાકી પ્રક્રિયાની સુનાવણીનાં અનુરોધ માટે એક બાકી પ્રક્રિયા ફરિયાદ (ઉપર જુઓ) ફાઈલ કરી શકે છે, જો એ માને છે કે બાળકની વર્તમાન સ્થિતિને જાણવી રાખવાથી બાળક અથવા અન્યો ને ઈજા થવાની સંભાવના છે.

#### સુનાવણી અધિકારીનાં અધિકાર

સુનાવણી અધિકારી, જે નિષ્પક્ષ સુનાવણી અધિકારીના ***ઉપશીર્ષક હેઠળ વર્ણવેલ આવશ્યકતાઓની પૂર્તિ કરે***, તે બાકી પ્રક્રિયા સુનવાણીનું સંચાલન કરે અને નિર્ણય કરે. સુનાવણી અધિકારી:

**1.** જે પ્લેસમેન્ટ પરથી વિકલાંગ બાળકને હટાવવામાં આવ્યું હતું, તે સ્થાન પર પાછો મોકલી શકે છે, જો સુનવાણી અધિકારી નિર્ધારિત કરે કે નિષ્કાસન સ્કૂલ કર્મચારીનાં સુવાણી અધિકાર ***હેઠળ વર્ણિત આવશ્યકતાઓનું ઉલ્લંઘન હતું***, અથવા બાળકનું એ આચરણ બાળકની વિકલાંગતાનું પ્રકટીકરણ હતું; **અથવા**

**2.** વધુમાં વધુ 45 સ્કૂલ દિવસો માટે વિકલાંગ બાળકનાં સ્થાનને એક ઉપયુક્ત અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગમાં પરિવર્તિત કરવાનો આદેશ આપી શકે છે, જો સુનાવાણી અધિકારી એ નિર્ધારિત કરે કે બાળકની વર્તમાન સ્થિતિને જાળવી રાખવાથી બાળક અથવા અન્યને ઈજા થવાની ઘણી સંભાવના છે.

આ સુનાવણીની પ્રક્રિયાઓનું પુનરાવર્તન કરી શકાય છે, જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નું માનવું હોય કે બાળકને તેનાં મૂળસ્થાને પાછું મોકલવાથી બાળક અથવા અન્યોને ઈજા થવાની ઘણી સંભાવના છે.

આવી સુનાવણીની વિનંતી કરવા માટે ક્યારેય પણ માતા-પિતા અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બાકી પ્રક્રિયા ફરિયાદ ફાઈલ કરે છે, ત્યારે બાકી પ્રક્રિયા ફરિયાદની કાર્યપ્રણાલી અને બાકી પ્રક્રિયા ***ફરિયાદ પર સુનાવણી હેઠળ વર્ણિત આવશ્યકતાઓની પૂર્તિ કરે તેવી સુનાવણી કરવી,*** નિમ્નલિખિતને છોડીને:

1. નેબ્રાસ્કા શિક્ષણ વિભાગ અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ એક ત્વરિત બાકી પ્રક્રિયા સુનાવણીની વ્યવસ્થા કરવી જોઈએ, જે સુનાવણીની વિનંતીની દિનાંકથી **20** સ્કૂલ દિવસોની અંદર થવી જોઈએ અને સુનાવણી પછી **10** સ્કૂલ દિવસોમાં કોઈ નિર્ણયનું નિર્ધારણ થવું જોઈએ.
2. માતા-પિતા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ બેઠકને નિરસ્ત કરવા માટે, અથવા મધ્યસ્થાનો ઉપયોગ કરવા માટે લેખિતમાં સહમત ન થાય એ સિવાય બાકી પ્રક્રિયા ફરિયાદની સૂચના મળ્યાનાં સાત કેલેંડર દિવસોમાં સમાધાન બેઠક થવી જોઈએ. બાકી પ્રક્રિયા ફરિયાદ મળ્યાનાં **15** દિવસોમાં બંને પક્ષોમાં સંતોષકારક રીતે વિષયનું સમાધાન થઈ ગયું હોય, તે સિવાય સુનાવણીની પ્રક્રિયા થઈ શકે છે.
3. રાજ્ય અન્ય બાકી પ્રક્રિયા સુનવાણી માટે ત્વરિત બાકી પ્રક્રિયા સુનાવણીઓ કરતા અલગ ક્રિયાપ્રણાલી નિયમોની રચના કરી શકે છે, પણ સમયસીમાને છોડીને એ નિયમો બાકી પ્રક્રિયા સુનાવણીઓનાં આ ડોક્યુમેન્ટનાં નિયમો સાથે સુસંગત હોવા જોઈએ.

એક પક્ષ ત્વરિત બાકી પ્રક્રિયા સુનાવણીમાં નિર્ણયમાટે એવી જ રીતે અપીલ કરી શકે છએ, જેમ એ અન્ય બાકી પ્રક્રિયા સુનવાણીમાં નિર્ણય માટે કરી શકે (ઉપર *અપીલ* જુઓ).

## અપીલ ના સમયગાળામાં પ્લેસમેન્ટ

જ્યારે માતા-પિતા અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ અનુશાસનાત્મક વિષય સંબંધિત કોઈ બાકી પ્રક્રિયા ફરિયાદ ફાઈલ કરી હોય, તો બાળકને (સિવાય કે માતા-પિતા અને રાજ્ય શૈક્ષણિક એજન્સી અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સહમત ન થાય) અંતરિમ વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગમાં રાખવો જોઈએ. જ્યાર સુધી સુનાવણી અધિકારીનો નિર્ણય નિલંબિત છે અથવા જ્યાં સુધી પ્રાવધાન અનુસાર નિષ્કાસન અવધિની સમાપ્તિ ન થાય અને ***સ્કૂલ કર્મચારીના અધિકારના શીર્ષક હેઠળ વર્ણિત સમાપ્તિ ન થાય***, જે પણ પહેલા આવે.

## બાળકો માટે સુરક્ષાઓ હજુ સુધી વિશિષ્ટ શિક્ષણ અને તેને સંબંધિત સેવાઓ માટે પાત્ર નથી

**સામાન્ય**

જો કોઈ બાળક વિશિષ્ટ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર ન જણાય અને વિદ્યાર્થી આચાર સંહિતાનું ઉલ્લંઘન કરે, પણ સ્કૂલ ડિસ્ટ્રિક્ટને અનુશાસનાત્મક કાર્યવાહી વાળું આચરણ કરતા પહેલા જ જ્ઞાન (જેમ નીચે નિર્ધારિત કર્યું છે) હતું કે બાળક વિકાલંક હતું, તો બાળક આ નોટીસમાં વર્ણિત કોઈ પણ સુરક્ષા માટે દાવો કરી શકે છે.

**વિકલાંકતાનાં વિષયો માટે જ્ઞાનનો આધાર**

સ્કૂલ ડિસ્ટ્રિક્ટને એ જ્ઞાન હોવું આવશ્યક છે કે એક બાળક વિકલાંગ બાળક ગણાય, જો અનુશાસનાત્મક કાર્યવાહી કરવા યોગ્ય આચરણ થી પહેલા:

1. બાળકનાં માતા-પિતા એ લેખિતમાં ચિંતા વ્યક્તિ કરી હોય કે ઉપયુક્ત શૈક્ષણિક એજન્સીનાં અથવા પ્રશાસનિક કર્મચારીઓ અથવા બાળકનાં શિક્ષકનાં નિરીક્ષણમાં બાળકને વિશિષ્ટ શિક્ષણ અને એનાં સંબંધિત સેવાઓની આવશ્યકતા છે;
2. માતા-પિતાએ IDEA નાં ભાગ બી હેઠળ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્રતા સંબંધિત મૂલ્યાંકનોનો વિનંતી કરી હોય; અથવા

3. બાળક દ્વારા દર્શાવાતા આચરણની પેટર્ન વિષે બાળકનાં શિક્ષક અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં કર્મચારીઓએ સીધા જ સ્કૂલ ડિસ્ટ્રિક્ટનાં વિશિષ્ટ શિક્ષણનનાં નિદેશકને અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નાં અન્ય નિરીક્ષક કર્મચારીઓની સામે વિશેષ ચિંતા વ્યક્ત કરી.

**અપવાદ**

કોઈ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ આવું જ્ઞાન રાખવા માટે બંધાયેલ નથી, જો:

1. બાળકનાં માતા-પિતાએ બાળકનાં મૂલ્યાંકનની અનુમતિ આપેલ નથી અથવા વિશેષ શિક્ષણ સેવાઓ લેવાની મનાઈ કરેલ છે; <u>અથવા</u>
2. IDEA નાં ભાગ બી હેઠળ બાળકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને એ નિર્ધારિત થયું છે કે એ વિકલાંગ બાળક નથી.

**જો આધારભૂત જ્ઞાન ન હોય, તો લાગુ પડતી શરતો**

જો બાળક વિરુદ્ધ અનુશાસનાત્મક પગલા લેતા પહેલા, કોઈ સ્કૂલ ડિસ્ટ્રિક્ટને એ જાણકારી નથી કે બાળક એક વિકલાંગ બાળક છે, ***તો અનુશાસનાત્મક વિષયો અને અપવાદો માટે મૂળજ્ઞાન ઉપશીર્ષકમાં*** ઉપર ***અપવાદ***, તે બાળક પર તુલનાત્મક આચરણમાં વિકલાંગતા વિનાનાં બાળકો પર પ્રભાવિત થનારા અનુશાસનાત્મક પગલાં લાગુ પડે છે.

પણ, જો એ સમયાવધિમાં બાળકનાં મૂલ્યાંકન માટે વિનંતી કરવામાં આવે, જેમાં બાળક અનુશાસનાત્મક પગલાંને યોગ્ય છે, તો શીઘ્રતયા મૂલ્યાંકન કરવું જોઈએ.

જ્યાર સુધી મૂલ્યાંકન પૂર્ણ ન થાય, ત્યાર સુધી બાળક સ્કૂલ અધિકારો દ્વારા નિર્ધારિત શૈક્ષણિક સ્થાન પર રહે, જેમાં શૈક્ષણિક સેવાઓ વિના નિલંબન અથવા નિષ્કાસન સમાવિષ્ટ કરી શકાય.

જો બાળકને વિકલાંગ બાળકનાં રૂપમાં સ્વીકારાય, તો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા કરેલ મૂલ્યાંકન અને માતા-પિતા દ્વારા અપાયેલ જાણકારીને ધ્યાનાં રાખીને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ IDEA નાં ભાગ બી માં વર્ણવ્યા અનુસાર વિશિષ્ટ શિક્ષણ અને તે સંબંધિત સેવાઓ આપવી જોઈએ, જેમાં ઉપર વર્ણવેલ અનુશાસનાત્મક આવશ્યકતાઓનો પણ સમાવેશ થાય છે.

## વિધિ પ્રવર્તન અને ન્યાયિક અધિકારિઓને સંદર્ભિત અને તેઓ દ્વારા કાર્યવાહી

IDEA નો ભાગ બી આ કરતું નથી:

1. યોગ્ય અધિકારીઓ સમક્ષ વિકલાંગ બાળક દ્વારા કરેલ ગુનાનું રિપોર્ટિંગ કરતાં કોઈ એજન્સીને રોકવી; <u>અથવા</u>
2. રાજ્યનાં કાયદાનું પ્રવર્તન અને ન્યાયિક અધિકારીઓને વિલકાંગ બાળક દ્વારા કરેલ અપરાધો માટે સંઘીય અને રાજ્યનાં કાયદાની અરજી કરવાનાં સંબંધમાં પોતાના ઉત્તરદાયિત્વોનાં પાલનથી રોકવા.

### રેકોર્ડ્સ મોકલવા

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટએ કોઈ વિકલાંગ બાળક દ્વારા આચરેલ અપરાધનો રિપોર્ટ દાખલ કર્યો છે, તો સ્કૂલ ડિસ્ટ્રિક્ટ:

1. એ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકની વિશિષ્ટ શિક્ષણ અને અનુશાસનાત્મક રિકોર્ડની કોપીઓ એ અધિકારીઓ દ્વારા વિચાર કરવા માટે મોકલવી જોઈએ, જેમને એજન્સીએ અપરાધનો રિપોર્ટ કરેલ છે; <u>અને</u>
2. બાળકનાં વિશિષ્ટ શિક્ષણ અને અનુશાસનાત્મક રેકોર્ડની કોપીઓ પરિવાર શૈક્ષણિક અધિકારો અને ગોપનીયતા અધિનિયમ (FERPA) દ્વારા અનુમતિપ્રાપ્ત હદ સુધી જ મોકલે

## સાર્વજનિક ખર્ચ પર ખાનગી સ્કૂલોમાં બાળકના માતા-પિતા દ્વાદ્વારા એકતરફી પ્લેસમેન્ટ માટેની આવશ્યકતાઓ

### સામાન્ય

જો સ્કૂલ ડિસ્ટ્રિક્ટએ નિઃશુલ્ક ઉપયુક્ત સાર્વજનિક શિક્ષણ (FAPE) તમારા બાળકને ઉપલબ્ધ કરાવ્યું હોય અને તમે નીજી સ્કૂલ અથવા સુવિધામાં બાળકને મુકવાનાં વિકલ્પનું ચયન કર્યું હોય, તો IDEA નાં ભાગ બી હેઠળ સ્કૂલ ડિસ્ટ્રિક્ટએ નીજી સ્કૂલ અથવા સુવિધા માટે તમારા વિકલાંગ બાળકનાં શિક્ષણ ખર્ચ આપવાની આવશ્યકતા નથી, જેમાં વિશિષ્ટ શિક્ષણ અને તે સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે. જો કે, જ્યાં ખાનગી સ્કૂલ સ્થિત છે, તે સ્કૂલ ડિસ્ટ્રિક્ટએ માતા-પિતા દ્વારા 34 CFR §§300.131 થી 300.144 હેઠળ ખાનગી સ્કૂલમાં મુકાલયેલા બાળકો, જેમની આવશ્યકતાઓનો ઉલ્લેખ ભાગ બી નાં પ્રાવધાનોમાં થયો છે, તેવી વસ્તીમાં તમારા બાળકનો સમાવેશ અવશ્ય કરવો.

#### ખાનગી શાળામાં પ્લેસમેન્ટ માટે વળતર

જો તમારા બાળકને પહેલા કોઈ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નાં અધિકાર હેઠળ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પ્રાપ્ત થઈ છે અને તમે તમારા બાળકનું નામાંકન ખાનગી પ્રિ-સ્કૂલમાં, પ્રાથમિક સ્કૂલમાં અથવા માધ્યમિક સ્કૂલમાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ની સંમતિ અથવા સંદર્ભ વિના કરાવો છો, તો ન્યાયાલય અથવા સુનવાણી અધિકારીને એ નામાંકનનાં ખર્ચની ભરપાઈ કરવા માટે એજન્સીની આવશ્યકતા હોઈ શકે છે. જો ન્યાયલય અથવા સુનાવાણી અધિકારીને એ જાણવા મળે કે નામાંકન પહેલા એજન્સી એ નિઃશુલ્ક ઉપયુક્ત સાર્વજનિક શિક્ષણ (FAPE) તમારા બાળકને સમયસર ઉપલબ્ધ કરાવ્યું નથી. કોઈ સુનાવણી અધિકારી અથવા ન્યાયાલય તમારા પ્લેસમેન્ટને ઉપયુક્ત માની શકે છે, ભલે પ્લેસમેન્ટ રાજ્ય શૈક્ષણિક એજન્સી અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા અપાતા શિક્ષણ પર લાગુ પડતા રાજ્ય માનકને અનુસાર ન હોય.

#### ભરપાઈની મર્યાદા

ઉપરોક્ત અનુચ્છેદમાં વર્ણિત ભરપાઈનો ખર્ચ ઓછો અથવા અસ્વીકૃત થઈ શકે છે:

1. જો: (a) તાજેતરમાં, વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ (IEP) ની બેઠક, જેમાં સાર્વજનિક સ્કૂલથી તમારા બાળકનાં નિષ્કાસન પહેલા તમે ઉપસ્થિત રહ્યા હતા. તમે IEP ટીમને એ જણાવ્યું ન હતું કે, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા તમારા બાળકને આપવામાં આવતા FAPE માટેનાં પ્લેસમેન્ટને તમે અસ્વીકરાર રહ્યા છો. સાર્વજનિક ખર્ચે ખાનગી સ્કૂલમાં તમારા બાળકનાં નામાંકન માટેની તમારી ચિંતાઓ અને ઈરાદાનો ઉલ્લેખ પણ સમાવિષ્ટ થાય છે; અથવા (b) ઓછામાં ઓછાં 10 કાર્યદિવસો (કાર્યદિવસે આવતી રજાઓને સમાવિષ્ટ કરતા) પૂર્વે સાર્વજનિક સ્કૂલ માંથી તમારા બાળકનાં નિષ્કાસનની સૂચના તમે સ્કૂલ ડિસ્ટ્રિક્ટ ને લેખિતમાં આપી ન હતી;
2. જો, તમારા બાળકને સાર્વજનિક સ્કૂલથી નિષ્કાસિત કરતા પહેલા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ તમને તમારા બાળકનું મૂલ્યાંકન કરવાની પોતાની ઇચ્છા વિષે પૂર્વલિખિત સૂચના આપી હતી (મૂલ્યાંકનનાં ઉદ્દેશનું વિવરણ જે યોગ્ય અને વાજબી હતું એનો સમાવેશ થાય છે), પણ તમે તમારા બાળકને મૂલ્યાંકન માટે ઉપસ્થિત ન કર્યો; **અથવા**
3. ન્યાયાલયને જાણવા મળે કે તમારો વ્યવહાર અયોગ્ય હતો.

પણ ભરપાઈનો ખર્ચ:

1. સૂચના આપવામાં વિફળતા માટે ઓછો અથવા અસ્વીકૃત કરી શકાય નહીં, જો: (a) સૂચના આપવાથી સ્કૂલે તમને રોક્યા હોય; (b) ઉપર વર્ણવેલ નોટીસ આપવા માટે તમારા દાયિત્વોની સૂચના તમને પ્રાપ્ત થઈ ન હતી; અથવા (c) ઉપરોક્ત આવશ્યકતાઓનું અનુપાલન કરવાથી તમારા બાળકને શારીરિક હાનિ થવાની સંભાવના છે; **અને**

2. ન્યાયાલય અથવા સુનાવણી અધિકારીનાં વિવેકાધારે માતા-પિતા દ્વારા આવશ્યક સૂચના આપવામાં વિફલતા માટે કદાચ ઓછો અથવા અસ્વીકાર કરાશે નહીં જો: (a) માતા-પિતા અભણ છે અથવા સાચું અંગ્રેજી લખી શકતા નથી; અથવા (b) ઉપરોક્ત આવશ્યકતાઓનાં અનુપાલનથી બાળકને ગંભીર ભાવનાત્મક હાનિ થવાની સંભાવા છે.